પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૧૪, કુલ પાના:૪, તારીખ: ૦૮-૦૯-૨૦૨૧ બુધવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 14 PRICE :-RS. 1.50 DATE : 08-09-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## આગાહી : દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં બે દિવસમાં થશે મેઘમહેર



અમદાવાદ,
૮ અને ૯ સપ્ટે.એ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૨૪ કલાકમાં બંગાળની ખાડીમાં લો-પ્રેશર રચાશે, જે ૮ સપ્ટેમ્બર સુધી મજબૂત બની ડિપ્રેશન કે વેલમાર્ક લો-પ્રેશરમાં ફેરવાશે, જેને કારણે અમદાવાદ સહિત મોટા ભાગના વિસ્તારોમાં ૮થી ૧૪ સપ્ટેમ્બર મધ્યમથી ભારે તથા કેટલીક જગ્યાએ અતિભારે વરસાદ પડશે, જેને કારણે વરસાદની જે ઘટ પડી છે, તેમાં ઘટાડો થવાની વકી હવામાન વિશેષજ્ઞે કરી છે. હાલમાં રાજ્યમાં વરસાદની ગેરહાજરીને કારણે ગુજરાતમાં કુલ વરસાદની ઘટ ૪૧ ટકા છે, પરંતુ આગામી અઠવાડિયામાં સારા વરસાદને કારણે રાજ્યમાં વરસાદની ઘટમાં નોંધપાત્ર ઘટાડો થવાના સંકેતો હવામાન વિશેષજ્ઞો આપ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ બંગાળની ખાડીમાં ૨૪ કલાકમાં લો-પ્રેશર રચાશે, જે ૭થી ૮ સપ્ટેમ્બર સુધી બંગાળની ખાડીમાં રહેશે, જેને કારણે રાજ્યમાં વધી શકે છે થંડર સ્ટ્રોમની ગતિવિધિ. ૮ સપ્ટેમ્બર બાદ લો-પ્રેશર બંગાળની ખાડીથી આગળ વધીને રાજસ્થાનની આજુબાજુ પહોંચશે, તેની સાથે મોન્સૂન ટ્રફ નીચે આવશે. આથી આ લો-પ્રેશર વેલમાર્ક લો-પ્રેશરથી લઈને ડિપ્રેશનમાં ફેરવાઈ શકે છે, જેની અસર ૮થી ૧૪ સપ્ટેમ્બર સુધી રહેશે. જેને કારણે રાજ્યભરમાં વરસાદ પડશે. વેલમાર્ક લો-પ્રેશર અને ડિપ્રેશનની અસરથી મધ્ય અને પશ્ચિમ ભારતનાં આંતર મોસમીય પરિવર્તનથી વરસાદ ખેંચી લાવતાં પરિબળો વધુ મજબૂત બનતા ૨૦મી સુધી સારો વરસાદ પડી શકે છે. સપ્ટેમ્બરના પ્રથમ અઠવાડિયામાં પડેલા વરસાદ અગાઉ રાજ્યમાં ૫૦ ટકા વરસાદની ઘટ હતી, પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા વરસાદની ઘટ ૯ ટકા ઘટીને ૪૧ ટકાએ પહોંચી છે, જેમાં ગુજરાતમાં સામાન્ય કરતાં ૪૪ અને સૌરાષ્ટ્રમાં ૩૭ ટકા ઓછો વરસાદ પડ્યો છે, પરંતુ ૮થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન મધ્યમથી ભારે વરસાદને લીધે ચોમાસાને અંતે વરસાદની ૨૫ ટકા ઘટ રહેવાની શક્યતા છે.અમદાવાદઃ ગુજરાતમાં આજથી ૩ દિવસ સારા વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘમહેર થશે તેવી શક્યતા પણ હવામાન વિભાગે વ્યક્ત છે. હવામાન વિભાગે કરેલી આગાહીથી ખેડૂતો સહિત સામાન્ય લોકોને પણ મોટી રાહત મળશે. ખાસ કરીને આજે સૌરાષ્ટ્રના અમરેલી, બોટાદ, ભાવનગરમાં સારા વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી તરફ સુરત, નવસારી, તાપી, ભરૂચ, વલસાડ, ડાંગ અને નર્મદા જિલ્લામાં પણ સારા વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ૨૦મી સપ્ટેમ્બર સુધીમાં રાજ્યભરમાં સારા વરસાદની આગાહી કરી છે. બંગાળની ખાડીમાં લો પ્રેશરની અસરથી ૧૪મી સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની વકી, બુધવાર સુધીમાં વરસાદની સિસ્ટમ સર્જાવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે.

## રસ્તા પર લાગેલા CCTVમાં શંકાસ્પદ વ્યક્તિના ચહેરાને ફેસ રેકગનાઈઝેશન સોફ્ટવેર અલગ તારવશે



ગાંધીનગર,
રાજ્યમાં ગુનેગારોને કે શંકાસ્પદ વ્યક્તિને ઝડપી લેવા માટે પોલીસ પહેલા હ્યુમન ઈન્ટેલીજન્સ પર આધારિત હતી. પરંતુ, હવે ટેકનોલોજી અપડેટ થતા આરોપીઓ સુધી પહોંચવા માટે પોલીસ આધુનિક ટેકનોલોજી અપનાવી રહી છે. જેમાં ગુજરાત પોલીસનો ઈ ગુજ કોપ પ્રોજેક્ટ સૌથી સફળ રહ્યો છે. તો સીસીટીવી પ્રોજેક્ટના કારણે પણ અનેક ગુનાઓ ઉકેલવામાં સફળતા મળી છે. જો કે હવે સીસીટીવી પ્રોજેક્ટ અને ઈ ગુજ કોપ પ્રોજેક્ટ ઉપરાંત, વિશ્વાસ નેત્રમ પ્રોજક્ટ હેઠળ ફેસ રેકગનાઈઝેશન સિસ્ટમ પણ શરુ કરવાની કામગીરી અંગે પણ વિચારણા કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ગાંધીનગર શહેરમાં ફેસ રેકગનાઈઝેશન સિસ્ટમનું ટેસ્ટીંગ શરુ કરાયું છે. જેમાં ફેસ રેકગનાઈઝેશન સોફ્ટવેરને ઈ ગુજ કોપ સાથે જોડવામાં આવશ અને તેના આધારે રસ્તા પર લાગેલા સીસીટીવીમાં શંકાસ્પદ વ્યક્તિના ચહેરાને ફેસ રેકગનાઈઝેશન સોફ્ટવેર અલગ તારવશે અને ગણતરીની ક્ષણોમાં ઈ ગુજ કોપ સાથેના ડેટા સાથે ચહેરાને મેચ કરીને શંકાસ્પદ વ્યક્તિનો ગુનાહિત ઈતિહાસ પણ આપશે. જેથી ફેસ રેકગનાઈઝેશન સોફ્ટવેરની મદદથી શંકાસ્પદ વ્યક્તિને ઝડપી શકાશે. ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યું કે વિશ્વાસ નેત્રમ પ્રોજેક્ટ હેઠળ ફેસ રેકગનાઈઝેશન સોફ્ટવેરનું ટેસ્ટીંગ ગાંધીનગર સેક્ટર-૨૪-૨૭ ખાતે શરુ કરાયું છે. જેમાં પોલીસ કંટ્રોલ રુમના સમગ્ર ગાંધીનગરના રસ્તા પર લાગેલા સીસીટીવી સાથે ફેઈસ રેકગનાઈઝેશન સોફ્ટવેર અને ઈ ગુજકોપ જોડવામાં આવ્યું છે. આ સોફ્ટવેર ની મદદથી શંકાસ્પદ વ્યક્તિઓને ઝડપી લેવામાં સફળતા મળશે. આ પ્રોજેક્ટનું ટેસ્ટીંગ હાલ ગાંધીનગર ખાતે ચાલી રહ્યું છે. અને આ રિપોટ બાદ સમગ્ર ગુજરાતમાં તેના અમલ માટે કામગીરી કરાશે. જેને રાજ્યનો ૧.૨૫ લાખ સીસીટીવી કેમેરાથી જોડવામાં આવશે. જ્યારે ગાંધીનગરમા ૩૦૦ કેમેરા છે.આ પ્રોજેક્ટ રુપિયા ૮૦૦ કરોડનું માતબર બજેટ ફાળવવાનું આયોજન છે. આ પ્રોજેક્ટના અમલ માટે ઈ ગુજ કોપના ડેટાને ફેસ રેકગનાઈઝેશન સોફ્ટવેર સાથે જોડવામાં આવશે.પોલીસ અધિકારીએ ઉમેર્યું કે હાલ પોલીસ કંટ્રોલ રુમ સાથે જોડાયેલા સીસીટીવી નેટવર્કનો નો ઉપયોગ કરીને ટ્રાફિકની ધ્યાન કેન્દ્રીત કરે છે. જો કે આ સિસ્ટમથીહવે, શકાસ્પદ લોકોને અલગ તારવવામાં અને તેમને ઝડપી લેવાની કામગીરી પણ કરાશે. તો લાપતા લોકો સુધી પહોંચી શકાશે.તો અન્ય ગુનાઆ ભેદ ઉકેલવામાં મદદ કરશે. તેના આધારે રસ્તા પર લાગેલા સીસીટીવીમાં શંકાસ્પદ વ્યક્તિના ચહેરાને ફેસ રેકગનાઈઝેશન સોફ્ટવેર અલગ તારવશે અને ગણતરીની ક્ષણોમાં ઈ ગુજ કોપ સાથેના ડેટા સાથે ચહેરાને મેચ કરીને શંકાસ્પદ વ્યક્તિનો ગુનાહિત ઈતિહાસ પણ આપશે. જેથી ફેસ રેકગનાઈઝેશન સોફ્ટવેરની મદદથી શંકાસ્પદ વ્યક્તિને ઝડપી શકાશે.રાજ્યમાં બનતા ગુનાઓને કાબુમાં લેવા માટે અને શંકાસ્પદ આરોપીઓને ઝડપી લેવા માટે સરકારના ગૃહ વિભાગ દ્વારા અનેક પ્રોજેક્ટ અમલમાં મુકાયા છે. જેમાં સીસીટીવી પ્રોજેક્ટની સાથે ઈ ગુજ કોપ પ્રોજેક્ટ મહત્વનો છ. ત્યારે હવે ગૃહવિભાગ ફેસ રેકગનાઈઝેશન પ્રોજેક્ટ પર પણ કામ કરી રહી છે. જેનું ટેસ્ટીંગ ગાંધીનગરથી શરુ કરાયું છે. આ પ્રોજેક્ટમાં મુખ્ય માર્ગના સીસીટીવી સાથઈ ગુજ કોપઅને ફેસ ટેગર નામના સોફ્ટવેરને જોડવામાં આવ્યું છે. જેમાં સીસીટીવીની મદદથી ફેસ ટેગર કોઈ શંકાસ્પદ વ્યક્તિના ચહેરાને ઈ ગુજકોપ સાથેના ડેટા સાથે મેળવીને શંકાસ્પદ વ્યક્તિને ઓળખી બતાવશે. હાલ સોફ્ટવેરનો પ્રયોગ ગાંધીનગર ખાતે શરુ કરાયો છે. જે સફળ થતા તેનો અમલ વિશ્વાસ નેત્રમ પ્રોજેક્ટ હેઠળ સમગ્ર ગુજરાતમાં કરાશે.

## કાશ્મીરમાં આતંકવાદીઓ પાકિસ્તાનના ઈશારાની રાહ જોઈ રહ્યા છે

શ્રીનગર,
જમ્મુ કાશ્મીરમાં ગામમાં ઘૂસણખોરી કરનારા વિદેશી આતંકવાદીઓને પનાહ આપવામાં આવે નહીં, આ માટે જમ્મુ કાશ્મીર પોલીસ સતત તેમના પનાહગારોની ઓળખમાં લાગેલી છે. જોકે ખીણમાં કેટલાક લોકો એવા છે જે વિદેશી આતંકવાદીઓને ના માત્ર પનાહ આપે છે પરંતુ તેમના મનસૂબાને સફળ બનાવવામાં પણ સ્થાનિક સ્તરે તેમની મદદ કરે છે. એવામાં સેનાના જવાન એવા લોકોની ઓળખમાં લાગેલા છે. જેથી આ નેટવર્કને ખતમ કરવામાં આવી શકે. આ વર્ષે જાન્યુઆરીથી લઈને અત્યાર સુધી આતંકવાદીઓને પનાહ આપનારા લગભગ ૫૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ભારતીય એજન્સીઓ ઘૂસણખોરી અને પાકિસ્તાન તેમજ પીઓકેમાં આતંકી લોન્ચપેડની ઘટનાઓને અફઘાનિસ્તાનમાં થઈ રહેલી ઘટનાઓ સાથે જોડીને જોઈ રહ્યા નથી પરંતુ આને આઈએસઆઈના ગેમ પ્લાન તરીકે જોઈ રહ્યા છે.અફઘાનિસ્તાન પર તાલિબાનના કબ્જા બાદ પાકિસ્તાનની ખાનગી એજન્સી ISIS એક વાર ફરી સક્રિય છે. ખાસ વાત એ છે કે પાકિસ્તાની આતંકવાદીઓની નજર હવે કાશ્મીર પર છે. જેને લઈને ભારતીય ખાનગી એજન્સીએ એલર્ટ પણ જારી કર્યુ છે. જમ્મુ કાશ્મીરમાં અત્યારે લગભગ ૨૦૦ આતંકી સક્રિય છે. જેમાં વિદેશી આતંકી પણ સામેલ છે. તેઓ આતંકી હુમલા માટે ISIના ઈશારાની રાહ જોઈ રહ્યા છે. આ એલર્ટ બાદ સરહદના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવાઈ છે. ભારતીય સુરક્ષા એજન્સીઓ અનુસાર અફઘાનિસ્તાન બાદ પાકિસ્તાન જમ્મુ કાશ્મીર પર નજર રાખી શકે છે. જે માટે આક્રમક રણનીતિ પર પણ કામ કરી શકે છે. અફઘાનિસ્તાન પર તાલિબાનના કબ્જા પહેલા જ આઈએસઆઈ લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને અલ બદ્ર જેવા આતંકી સંગઠનોના આતંકવાદીઓને ભારતમાં ઘૂસણખોરી કરાવવાના પ્રયાસ કરી ચૂક્યા છે. છેલ્લા બે મહિનામાં આ પ્રકારની ગતિવિધિઓ સક્રિય હોવાના સતત સંકેત મળ્યા છે. જોકે ભારતીય સેનાએ દરેક મોર્ચે જડબાતોડ જવાબ આપ્યો છે પરંતુ સતર્કતા જાળવી રાખવાની જરૂર છે. આઈએસઆઈના આ નાપાક મનસૂબાને નાકામ કરવા માટે ભારતીય સુરક્ષા દળોએ સુરક્ષા વ્યવસ્થાને વધારી દીધી છે. પાકિસ્તાનથી લાગેલી સરહદ પર સર્વિલાંસ અને જવાનોની સંખ્યા સતત વધારાઈ રહી છે.

## RTOની કામગીરી હવે ગ્રામ પંચાયતથી પણ શરૂ થશે

રાજકોટ,
આર.ટી.ઓ.ની કામગીરી ઓનલાઈન કરવામાં શહેરમાં પછાત વિસ્તારો, ઝુપડપટ્ટી વિસ્તારોમાં લોકોને મૂશ્કેલી પડતી હોય છે પરંતુ, શહેરમાં હજુ સુધી તે માટે કોઈ હેલ્પ સેન્ટર શરૂ કરાયા નથી. રાજકોટ સહિત આર.ટી.ઓ.માં હવે લર્નિંગ પછી પાકુ લાયસન્સ મેળવવા માટે ડ્રાઈવીંગ ટેસ્ટ બે શીફ્ટમાં એટલે કે સવારે ૬થી ૨, અને ૨થી ૧૦ દરમિયાન કામગીરી શરૂ કરાતા વેઈટીંગ રહ્યું નથી. સૂત્રો અનુસાર રાજકોટમાં ટુ વ્હીલર માટે ૨૫ ટાઈમ સ્લોટમાં રોજ ૩૭૫ ના અને કાર માટે ૨૧ ટાઈમ સ્લોટમાં ૩૨૦ વાહનચાલકોના ટેસ્ટ લઈ શકાય છે પરંતુ, આ સ્લોટ પૂરો થતો નથી. ડ્રાઈવીંગ લાયસન્સ રિન્યુઅલ સહિત આર.ટી.ઓ.સંબંધિત ૧૦ પ્રકારની કામગીરી ઓનલાઈન થતી હોય છે પરંતુ, ગ્રામ્ય વિસ્તારોમાં હજુ તે વ્યવહારૂ પ્રચલિત નથી ત્યારે આગામી તા.૨ ઓક્ટોબર મહાત્મા ગાંધી જયંતિથી સૌરાષ્ટ્રના તમામ ગામડાઓ કે જ્યાં ઈ-ગ્રામ સેન્ટર આવેલા છે ત્યાં ઓનલાઈન કામગીરી શરૂ થશે તેમ આર.ટી.ઓ.ના સૂત્રોએ જણાવ્યું છે. આ કામગીરીમાં (૧)આર.સી.બૂક, લાયસન્સ ગૂમ થવાના કેસમાં ડુપ્લિકેટ કાઢી આપવા (૨) લર્નિંગ લાયસન્સની અરજી કરીને એપોઈન્ટમેન્ટ મેળવવી (૩) વાહન પરનું ગીરો, હાઈપોથીકેશન રદ કરવું (૪) ડ્રાઈવીંગ લાયસન્સ રિન્યુ કરવું, તેની માહિતી મેળવવી, બેકલોગ, રિપ્લેસ કરવું વગેરે કામગીરી (૫) આર.સી.બૂક સંબંધી માહિતી અને તેના બેકલાગ વગેરે કામગીરી વગેરે કામગીરી ગ્રામ પંચાયત ઈ-ગ્રામ સેન્ટરથી શરૂ કરાવવા આર.ટી.ઓ. કચેરીઓને રાજ્ય સરકાર દ્વારા સૂચના જારી કરાઈ છે.

## સરકારી કર્મચારીઓ-પેન્શનરના મોંઘવારી ભથ્થામાં ૧૧ ટકા વધીને ૨૮ ટકા કરી દેવામાં આવ્યું

અમદાવાદ,
ઓગસ્ટ માસમાં મળવાપાત્ર એરિયર્સનું ચૂકવણું જાન્યુઆરી ૨૦૨૨ના પગાર સાથે કરવામાં આવશે. ગુજરાત સરકારના આ નિર્ણયને પરિણામે સરકારની તિજોરી પર મહિને અંદાજે રૂા. ૩૭૮ કરોડનો બોજ આવશે. આ નિર્ણયને લાભ અંદાજે ૯,૬૧,૬૩૮ કર્મચારીઓને મળશે. તેમાં રાજ્ય સરકારના ૫,૧૧,૧૨૯ કર્મચારીઓનો સમાવેશ થાય છે. તેમાં મોટા સરકારી અધિકારીઓ, કર્મચારીઓ અને પંચાયતના કર્માચારીઓનો સમાવેશ થાય છે. મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ ૪.૫૦,૫૦૯ પેન્શનર્સને પણ મળશે.ભારત સરકારની માફક ગુજરાત સરકારે પણ તેના નવ લાખ જેટલા અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનર્ને મળતા મોંઘવારી ભથ્થામાં ૧૧ ટકાનો વધારો કરવાની જાહેરાત નાયબ મુખ્યમંત્રીએ કરી છે. તેમનું મોંઘવારી ભથ્થું ૧૧ ટકા વધીને ૨૮ ટકા કરી દેવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે સરકારી કર્મચારીઓને અત્યાર સુધી ૧૭ ટકા મોંઘવારી ભથ્થું મળતું હતું. હવે તેમાં ૧૧ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મોંઘવારી ભથ્થાનો વધારો સપ્ટેમ્બર મહિનાના પગાર સાથે જ ચૂકવવામાં આવશે. જુલાઈ માસથી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાનું એરિયર્સ ઓક્ટોબર મહિનાના પગાર સાથે આપવામાં આવશે.

## ચૂંટણી રાજ્યોમાં પ્રાથમિકતાના ધોરણે કામ કરો : મોદીનો મંત્રીઓને નિર્દેશ



નવી દિલ્હી,
ઉત્તરાખંડમાં ભાજપને ૪૪થી ૪૮ બેઠક, કોંગ્રેસને ૧૯થી ૨૩ બેઠક, આમ આદમી પાર્ટીને ૦થી ૪ બેઠક અને અન્યને ૦થી ૨ બેઠક મળવાનુ અનુમાન છે. ગોવામાં ભાજપના ખાતામાં ૨૨થી ૨૬ બેઠક, કોંગ્રેસના ખાતામાં ૩-૭ બેઠક, આમ આદમી પાર્ટીના ખાતામાં ૪-૮ બેઠક અને અન્યના ખાતામાં ૩-૭ બેઠક જવાનુ અનુમાન છે. મણિપુર કોંગ્રેસને ૧૮થી ૨૨ બેઠક મળી શકે છે જ્યારે ભાજપ ગઠબંધનને ૩૨થી ૩૬ બેઠકો મળતી જોવા મળી રહી છે. એનપીએફને લગભગ ૨થી ૬ બેઠકથી જ સંતુષ્ટ થવુ પડી શકે છે જ્યારે અન્યના ખાતામાં ૦થી ૪ બેઠક જઈ શકે છે.આગામી વર્ષે ઉત્તર પ્રદેશ અને પંજાબ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાના ચૂંટણી થવાની છે. આ ચૂંટણીને જોતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના તમામ મંત્રીઓને મહત્વના નિર્દેશ આપ્યા છે. પીએમ મોદીએ મંત્રીઓને કહ્યુ કે તેઓ ચૂંટણી રાજ્યોમાં તમામ પ્રસ્તાવિત કામોને પ્રાથમિકતાને આધારે પર લે. પીએમ મોદીના નિર્દેશ બાદ તમામ મંત્રાલય દરરોજ બેઠક કરી રહ્યા છે. ખાસ કરીને યુપી અને ઉત્તરાખંડના કાર્યો પર જોર આપવામાં આવી રહ્યુ છે. સાથે જ વિકાસના કાર્યોને લઈને લિસ્ટ પણ તૈયાર કરવામાં આવી રહી છે. આગામી વર્ષે દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશ સિવાય પંજાબ, ઉત્તરાખંડ, મણિપુર અને ગોવામાં વિધાનસભાના ચૂંટણી થવાની છે. તાજેતરમાં એબીપી-સી વોટરે આ રાજ્યોમાં સર્વે કર્યો છે. સર્વે અનુસાર, ઉત્તર પ્રદેશમાં ભાજપને ૨૫૯થી ૨૬૭ બેઠક મળી શકે છે. આ સિવાય સમાજવાદી પાર્ટીને ૧૦૯-૧૧૭ બેઠક, બીએસપીને ૧૨-૧૬ બેઠક, કોંગ્રેસને ૩-૭ બેઠક અને અન્યને ૬-૧૦ બેઠક મળી શકે છે. આ સિવાય પંજાબમાં આમ આદમી પાર્ટી સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી શકે છે. પંજાબમાં વિધાનસભાના ૧૧૭ બેઠક છે. આપને ૫૧થી ૫૭ બેઠકો મળી શકે છે. ત્યાં કોંગ્રેસે ૩૮થી ૪૬, એસએડીએ ૧૬થી ૨૪, ભાજપ અને અન્યને ૦થી એક બેઠક મળી શકે છે.

## ભારત અને ચીનના સંબંધોને કેવી રીતે પાછા પાટા પર લાવવા તે મોટો પડકાર : વિદેશ મંત્રી



બેઈજિંગ,
વિદેશ મંત્રીએ ભારત અને ચીન વચ્ચેના સંબંધો અંગેનો ઉલ્લેખ કરતા પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે વર્ષ ૧૯૮૮માં પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી ચીન ગયા હતા. તે સમયે પણ સરહદે શાંતિ પર વાતચીત થઈ હતી. બન્ને દેશોએ વિવિધ સમજૂતીઓ કરી અને આગળ વધ્યા હતા. જેનાથી વિશ્વાસ પેદા થયો હતો. એસ જયશંકરે સાથે એમ પણ કહ્યું કે આટલા વર્ષોમાં ચીન સરહદે શાંતિ રહી પણ ગત વર્ષે મોટી સંખ્યામાં ચીની સૈનિકો સરહદે આવી ગયા હતા. જ્યારે ભારતે તેનો વિરોધ કર્યો ત્યારે જુનમાં બન્ને દેશોના સૈન્ય વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં બન્ને પક્ષના જવાનોની શહાદત થઈ હતી. જેનાથી બન્ને દેશોની દ્વિપક્ષીય વાતચિત અને સંબંધો પર મોટી અસર જોવા મળી હતી. હાલ ભારત અને ચીનના સંબંધોને કેવી રીતે પાછા પાટા પર લાવવા તે મોટો પડકાર છે.વિદેશ મંત્રી એસ જયશંકરે આંતરરાષ્ટ્રીય સંબંધો અને ભારત અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સંબંધોના નવા તબક્કામાં ભારતે એન્ટ્રી કરી લીધી છે. દુનિયા આંતરરાષ્ટ્રીય સંબંધોના નવા તબક્કામાં પ્રવેશ કરી રહી છે અને તેમાંથી ભારત પણ બાકાત નથી. સાથે તેમણે કહ્યું કે ચીનની તાકાત વધી રહી છે જે વિશ્વ માટે મોટો પડકાર બની રહેશે જ્યારે બીજી તરફ અમેરિકાને મહાસત્તા બની રહેવા માટે ફાંફા પડી રહ્યા છે. વિદેશ મંત્રીએ કહ્યું કે આવનારા દિવસોમાં ચીનની વધી રહેલી તાકાત વૈશ્વિક તાકતોની સરખામણીએ વધુ મહેસુસ કરવામાં આવશે. જે એક મોટો પડકાર બની રહેશે. વિદેશ મંત્રી જેજી ક્રોફર્ડ ઓરેશન ૨૦૨૧ને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે આવનારા સમયમાં ઈંડો-પેસિફિક આંતરરાષ્ટ્રીય રણનીતિના મુળમાં હશે. તેમણે સાથે અમેરિકાનો ઉલ્લેખ કરતા કહ્યું કે હાલ વૈશ્વિક શક્તિ તરીકે અમેરિકા મોટા સંઘર્ષનો સામનો કરી રહ્યો છે.

### જાહેર નોટીસ

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, શહેરા, પ્રાંત શહેરાની કોર્ટમાં મુ. શહેરા, તા.શહેરા**

**અરજદાર : નાયકા મણાભાઈ કાગુભાઈ**
**રહે :- કનાજીયા, તા.ગોધરા, જી.પંચમહાલ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, પાદરડી, તા.શહેરા, જી.પંચમહાલ.**

આથી જાહેર જનતા આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીના બહેન નામે નાયક અવલીબેન અભેસિંહનું તા.૧૫/૦૫/૨૦૧૫ ના રોજ મોજે–પાદરડી, તા.શહેરા, જી.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જેતે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે બહેનના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૩૦૪/૨૦૨૧ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદ્દત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા.૦૬ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ**
**પ્રાંત શહેરા**

### જાહેર નોટીસ

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, શહેરા, પ્રાંત શહેરાની કોર્ટમાં મુ. શહેરા, તા.શહેરા**

**અરજદાર : નાયકા કલાભાઈ મનસુખભાઈ**
**રહે :- ધામણોદ, તા.શહેરા, જી.પંચમહાલ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ધામણોદ, તા.શહેરા, જી.પંચમહાલ.**

આથી જાહેર જનતા આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીના પત્નિ નામે નાયક રેશમબેન કાલાભાઈનું તા.૨૮/૦૩/૨૦૧૮ ના રોજ મોજે–ધામણોદ, તા.શહેરા, જી.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જેતે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પત્નિના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૩૦૫/૨૦૨૧ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદ્દત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા.૧૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૧નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ**
**પ્રાંત શહેરા**

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**આર. કે. ડીંડોર**

**મુ. રજાયતા દુકાન ફળીયું, તા. મોરવા (હ)**

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**બી. એમ. પીંજારા**

**મુ. બોર, તા. ઘોઘંબા**

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા તાલુકાની કણજાવ ગ્રામ પંચાયતમાં ટકાવારી લઈ શૌચાલયમાં મોટું કૌભાંડ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ઘરે ઘરે શૌચાલય યોજના અંતર્ગત સમગ્ર દેશમાં ભારત સરકાર દ્વારા શૌચાલય બનાવવામાં આવી રહ્યા છે. ત્યારે લુણાવાડા તાલુકાના કણજાવ ગ્રામ પંચાયતમાં ગરીબ પરિવારોને ક્રૂર મજાક ઉડાવવામાં આવી રહ્યો હોય તેમ માત્ર નામ ખાતર શૌચાલય યોજનાનો લાભ આપવામાં આવ્યો હોય તેમ પ્રથમ દ્રષ્ટિએ જોતા પષ્ટપણે દેખાઈ રહ્યું છે કેટલાક શૌચાલયમાં ખાડા બનાવવામાં નથી. આવ્યા તો કેટલાક શૌચાલયમાં દરવાજાના મિજાગરા છુટા પડી ગયા તો કેટલાક ના દરવાજામાં કાટ આવી સડી ગયા છે. જયારે કેટલાક શૌચાલયને પ્લાસ્ટર નથી કર્યું અને દીવાલો પણ તૂટી પડી છે ત્યારે કેટલાક શૌચાલયોમાં ખાડા નથી કર્યા અને વેઠ ઉતારી છે,ખાડામાં બે પથરા મૂકી કચરો વાર્યો છે,લુણાવાડા તાલુકા પંચાયત ૧૪૦૦ અને તલાટી-કમ મંત્રી ૧૦૦૦ અને સરપંચ ૫૦૦ અને કોન્ટ્રાક્ટર ૧૦૦૦ રૂપિયા ટકાવારી લઈ મિલીભગતથી મોટાભાગના તકલાદી અને હલકી ગુણવત્તાવાળા શૌચાલય બનાવી પૈસા બનાવ્યા હોવાનો ગ્રામપંચાયત ના સભ્ય અને ગામના અન્ય લોકો દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યો હોવાથી તાલુકામાં મોટાપાયે શૌચાલય કૌભાંડ થયું હોવાનું અનુમાન લાગી રહ્યું છે.

### ૧૨ હજારના શૌચાલય પાછળ લેવાય છે રૂા.૩૯૦૦ ની ટકાવારી

સરકાર એક શૌચાલયના ૧૨ હજાર ફાળવે છે. તેમાં તાલુકા પંચાયતના ૧૪૦૦, તલાટી કમ મંત્રીના ૧૦૦૦, કોન્ટ્રાક્ટર ના ૧૦૦૦ અને સરપંચ ૫૦૦ રૂપિયા ટકાવારી લેવાઈ રહી છે. જેથી અમારી ગ્રામપંચાયતમાં ખૂબ હલકી ગુણવત્તાના શૌચાલય બનાવવામાં આવ્યા છે અને કોણ કેટલી ટકાવારી લે છે. જેનું મારી પાસે રેકોર્ડિંગ છે. ડી.ડી.ઓ. દ્વારા યોગ્ય તપાસ થાય એ જરૂરી છે.
નરેશ પરમાર....

## મહિસાગર જિલ્લાના આપ પાર્ટીના વોટસઅપ ગૃપ Aap K ઝોન-૬માં બિભત્સ ફોટા અને વિડિયો મુકવામાં આવ્યા




લુણાવાડા, મહિસાગર જિલ્લાના આ પાર્ટીના વોટસઅપ ગૃપ Aap K ઝોન-૬ મહીસાગરમાં બિભત્સ ફોટા અને વિડિયો મુકવામાં આવ્યા ગૃપ મેમ્બર પ્રતાપસિંહ ગામ ચાકલીયા કે જેઓ આ ગ્રુપમાં મેમ્બર છે. તેઓએ આપ જેવી મોટી પાર્ટીના જિલ્લાના ગ્રુપમાં નગ્ન ફોટા તેમજ વીડિયો મુકેલ હતા. ત્યારબાદ અન્ય મેમ્બર દ્વારા પ્રવિણસિંહને ગ્રુપમાંથી કાઢવા માટે દરખાસ્ત મૂકી હોવા છતાં પણ ગ્રુપ એડમીન દ્વારા પ્રવિણસિંહ ઉપર કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ ન હતી. તેમજ જિલ્લાના આ ગૃપમાં આવા વીડિયો વારંવાર પોસ્ટ થતી હોવાની ફરિયાદો જાણવા મળી હતી.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર તાલુકા પંચાયત કચેરીમાં સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા. સંતરામપુર તાલુકા પંચાયત કચેરીમાં અલગ-અલગ શાખાઓમાં સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવેલા હતા. મુખ્ય સીસીટીવી કેમેરા તાલુકા વિકાસ અધિકારી ચેમ્બરમાં રાખવામાં આવેલા છે.**

## મહિસાગર જીલ્લામાં વિજળીના ચમકારા અને પવન સાથે વરસાદ થતાં ખેડુતોમાં આનંદ

લુણાવાડા, ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્ય ભરમાં વરસાદની શરૂઆત થઈ છે. જેમાં મહીસાગર જિલ્લામાં લાંબા વિરામ બાદ વરસાદ શરૂ થયો છે. જેમાં સમગ્ર જિલ્લામાં વીજળી અને પવન સાથે વરસાદ પડી રહ્યો છે. જિલ્લામાં લુણાવાડા, સોનેલા, વીરણીયા, સંતરામપુર, કડાણા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે.

તેમજ લાંબા વિરામ બાદ ખેડૂતોમાં આનંદ લાગણી છવાઈ છે. તેમજ વરસાદ આવતા મકાઈ, જાર, સુઢીયુ સહિત પાકને જીવતદાન મળ્યું છે. તેમજ અત્યાર સુધી જિલ્લામાં ૧ લાખ હેક્ટરમાં વાવેતરમાં વરસાદ આવતા રાહત થઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ૭, ૮ અને ૯ સપ્ટેમ્બરે રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## ગોધરા ના ટેક્ષ પ્રેકટીશનર ની લાખો રૂપિયાના બોગસ ચલણ બનાવી કૌભાંડમાં નોંધાયેલ ફરિયાદમાં આગોતરા જામીનઅરજી નામદાર કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી

ગોધરા, ગોધરા ખાતે ટેક્ષ પ્રેકટીશનર તરીકે કામ કરતાં એસ.એસ એસોસિયેટ દ્વારા દેવગઢ બારિયા ના વિકાસ પેટ્રોલિયમ સાથે છેતરપિંડી કર્યો ની ફરિયાદ ગોધરા ટાઉન એ ડીવીઝન પોલીસ સ્ટેશન માં નોંધાયેલ અને તેમાં ફરિયાદી એ કરેલ આક્ષેપ મુજબ ફરિયાદી દ્વારા એસ.એસ.એસોસિયેટ ના બેન્ક ખાતાંમાં લગભગ ૯,૦૫,૩૦૦/- રૂપિયા વેટ ડીપાર્ટમેન્ટ માં ટેક્ષ ના નાણાં ભરવા માટે જમા કરાવેલા અને આના બદલામાં એસ.એસ. એસોસિયેટ દ્વારા વેટ ડીપાર્ટમેન્ટ ના બોગસ ચલણ ફરિયાદ ને આપી દેવામાં આવેલા અને વેટ ડીપાર્ટમેન્ટ દ્વારા ટેક્ષ ની ઉઘરાણી કરતા સમગ્ર બાબત થી ફરિયાદી વાકેફ થતાં તેમને વિગતવાર ની ફરિયાદ નોંધાવી હતી. જે બાબતે આરોપી દ્વારા પંચમહાલ જિલ્લાના એડીશનલ શેસન્સ જજ બી.કે.બારોટની કોર્ટ માં આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી. જે જામીન અરજી ચાલી જતાં જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોર ની વિગતવારની દલીલો તથા પોલીસ દ્વારા કરવામાં આવેલી ખૂબજ ઉંડાણ પૂર્વકની તપાસને દયાનમાં લઈ નામદાર કોર્ટ દ્વારા આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

## ઈન્ડસુર ગ્લોબલ કંપની બે વર્ષથી બંધ થતાં
# ૧૬૦ જેટલા બેરોજગાર કામદારોએ હક્ક અને ન્યાય અપાવવા માટે આમ આદમી પાર્ટીને રજૂઆત કરી


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, પંચમહાલ જિલ્લામાં ઔધોગિક એકમોની સંખ્યા ખુબ મોટી છે. જો કંપની રૂલ્સ મુજબ સ્થાનિક વિસ્તારના યુવાનોને રોજગારી આપવામાં આવે તો જિલ્લામાં બેરોજગારીનો પ્રશ્ન દુર થાય પરંતુ ભાજપ સરકારની અયોગ્ય નિતીઓને કારણે, કામદારો પ્રત્યે અવગણનાના કારણે તથા કંપનીના માલિકો સાથે વધારે પડતાં સબંધોને કારણે કંપનીના કામદોરોને દિન પ્રતિદિન અન્યાય થઈ રહ્યો છે.

જાણે કંપનીના માલિકો અને સરકારના આયોજન અને સલાહ મુજબ નીતિઓ બનાવી કંપનીઓ બંધ કરાવી કામદારોને છૂટા કરવામાં આવી રહ્યા હોય એવું લાગે છે.

કાયદાકીય ગૂંચવણો ઉભી કરી છૂટા કરેલા કામદારોને લડત કરવા છોડી દેવામાં આવે છે. ન્યાયિક લડત લડતાં વર્ષો નિકળી જતા હોય છે. ત્યારે બેરોજગાર બનેલા કામદોરો કંટાળીને, આર્થિક સ્થિતિના કારણે લડત મૂકી દે છે અને અંતે સરકારની અને કંપનીના માલિકો દ્વારા આયોજીત મનસુબાની જીત થાય છે.

આવું લગભગ હવે બંધ થતી દરેક કંપનીઓના કિસ્સાઓમાં થતું જોવા મળે છે. ત્યારે આજ રોજ હાલોલ નજીક આવેલી ઈન્ડુસ ગ્લોબલ કંપની ઑક્ટોબર ૨૦૧૯ થી કામદારોને કોઈપણ પ્રકારની સૂચના આપ્યા વગર બંધ કરવામાં આવી છે અને ૧૬૦ જેટલા કામદારોને છૂટા કરવામાં આવ્યા છે. કેટલાક મહિનાઓના પગાર નથી ચૂકવાયો, પીએફ પણ કંપની દ્વારા જમા કરવામાં આવ્યું નથી. વર્ષોથી બોનસ પણ ચૂકવવામાં આવ્યું નથી. કોરોના સમયમાં કોઈ એડવાન્સ પગાર કે સહાય આપવામાં આવી નથી.

આવી તમામ બાબતો સહિતની માંગ, બેરોજગાર બનેલા કામદારોએ રોજગારીની માંગ તથા ન્યાય અધિકાર માટે વિવિધ જવાબદાર કચેરીઓમાં રજૂઆત કરવામાં આવી છે. પરંતુ હજું સુધી તેનો કોઈ ઉકેલ ન આવતા આજ રોજ કંપનીના કામદારોએ આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆનો સંપર્ક કર્યો હતો અને કંપની ઉપર રૂબરૂ સાંભળવા જિલ્લા પ્રમુખને બોલાવ્યા હતા.

જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆએ સ્થળ ઉપર જઈને તમામ વિગત જાણી હતી અને ન્યાયિક હક્ક અને અધિકારની લડતમાં સહયોગ આપવાની ખાતરી આપી હતી. સમય આવે જિલ્લા અને ગાંધીનગર સુધી આ રજૂઆત કરી ન્યાય અપાવવા આમ આદમી પાર્ટી કામ કરશે એમ જણાવ્યું હતું.

ભાજપ સરકારની નીતિઓથી ગુજરાતમાં આર્થિક પરિસ્થિતિ ખાડે ગઈ છે તેમ જણાવી આ સરકારમાં ખેડૂતો, કામદારો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, વેપારીઓ, નોકરીયાતો જેવા તમામ વર્ગો દુઃખી છે. મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને જ આજે અન્યાય થઈ રહ્યો છે. અમીર લોકો કરોડોની લોન લઈ કંપનીઓ બનાવી, કરોડો કમાઈ, લોન ન ભરી, કંપની બંધ કરી, કામદારોને છુટા કરી, નિશ્ચિત બની જીવન જીવે છે. સરકાર આવા અમીરોની લોન માફ કરે છે અને જનતાને મોંઘવારી ના ખપ્પરમાં હોમી દુઃખી કરે છે એવું દેખાય છે એમ જિલ્લા પ્રમુખે જણાવ્યું હતું.

આપણે ક્યાં સુધી લડત લડતાં રહીશું એના કરતાં સરકાર બદલો, સરકાર બદલવાની લડત લડીએ એમ કહેતા ઉપસ્થિત સૌ કામદારોએ આમ આદમી પાર્ટીની ટોપી પહેરી હતી. કામદારો વતી કિશોરસિંહ પટેલ, રતનસિંહ ભાલીયા, કનુભાઈ પટેલ, રમેશસિહ સોલંકી, ગોવિંદભાઈ વરીયા, વેચાતભાઈ બારીઆ, પ્રકાશભાઈ શાહ, મહેન્દ્રભાઈ પંડ્યા, દોલતસિંહ ભાલીયા સહિતના કામદાર આગેવાનોએ રજૂઆત કરી.

કામદારો સાથેની મુલાકાત જિલ્લા સંગઠન મંત્રી દર્શન વ્યાસ, ન કિસાન પ્રમુખ અરવિંદભાઈ માછી તથા જિલ્લા સહ સંગઠન મંત્રી કૃણાલ ચૌહાણે લીધી હતી.

## અનિયમિત વીજળીથી કપડવંજ GIDCમાં ઉદ્યોગકારો પરેશાન

નડીયાદ, વીજતંત્રને આ અંગે યોગ્ય કામગીરી કરવા પણ અવારનવાર રજુઆતો કરવામાં આવતી હોવા છતાં કોઈ અસરકારક પગલાં લેવામાં આવતા નથી. જો આવનારા દિવસોમાં આ અંગે કોઈ યોગ્ય ઉકેલ નહીં લાવવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા સહિતના આશ્ચજનક કાર્યક્રમો આપવા અંગેની વિચારણા પણ થઈ રહી હોવાનું જાણવા મળી રહ્યું. સ્થાનિક ઉદ્યોગકારોના જણાવ્યા પ્રમાણે એમજીવીસીએલ દ્વારા વીજસપ્લાયના સમારકામ માટે શુક્રવારનો દિવસ નક્કી કરવામાં આવ્યો છે. તેમ છતાં જીઆઈડીસી વિસ્તારમાં અવારનવાર અંધારપટ છવાઈ જાય છે. વીજળીની અનિયમિતતાને કારણે ઉદ્યોગકારોને નુકસાની વેઠવાનો વારો આવ્યો હોવાનૂ બૂમરાણ મચી છે. આ બાબતે વીજતંત્ર દ્વારા યોગ્ય પગલાં ભરવામાં આવે તેવી ઉદ્યોગકારોની લાગણી અને માગણી છે. અવારનવાર વીજળી ગૂમ થવાને પગલે ઉત્પાદનને પણ અસર થતી હોવાની રાવ ઉઠી છે.

## કાલોલ નગરપાલિકાના કોમ્યુનિટીહોલ ખાતે નમોએપ કાર્યશાળાનું આયોજન


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ નગરપાલિકા કોમ્યુનિટી હોલ ખાતે તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા નમોએપ માટેની કાર્યશાળા યોજાઈ અને તેને વિસ્તારથી સમજાવવામાં આવી.

આ કાર્યક્રમમાં કાલોલ તાલુકાના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, કાલોલ તાલુકા ભાજપા સંગઠન પ્રમુખ નરેન્દ્રસિંહ ગોહિલ,તાલુકા પંચાયત પ્રમુખ જયદેવસિંહ ઠાકોર, કારોબારી અધ્યક્ષ ડો.કિરણસિંહ પરમાર, દાહોદ જિલ્લા પ્રભારી સંજયસિંહ રાઠોડ, કાલોલ ભાજપા સંગઠન મહામંત્રી કિરણસિંહ સોલંકી સહીત કાલોલ તાલુકાનાં નવનિયુક્ત આઈ.ટી. સેલ ના ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જ તેમજ સોશિયલ મીડિયા ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જ તાલુકા પંચાયત સદસ્ય તેમજ વિવિધ મોર્ચાનાં હોદ્દેદારો સહિત તાલુકાના મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો હાજર રહ્યાં હતાં.

## શિક્ષકો દ્વારા કામના કલાકો ઘટાડવાની માંગને શિક્ષણમંત્રી દ્વારા ફગાવાઈ

ગાંધીનગર, ભૂપેન્દ્રસિંહે આ મુદ્દે સરકારનું વલણ સ્પષ્ટ કરતા જણાવ્યું હતુંકે, સરકારના અન્ય વિભાગોના કર્મચારીઓની જેમ શિક્ષકોએ પણ ફરજિયાત ૮ કલાક કામ કરવું જ પડશે. કામના કલાકો અંગે જે પરિપત્ર કરવામાં આવ્યો છે તેમાં પરિવર્તન નહીં કરવામાં આવે છે. દરેક શિક્ષકે સરકાર દ્વારા નક્કી કરાયેલાં નિયમોનું પાલન કરવાનું રહેશે. આઠ કલાકની હાજરીમાંથી શિક્ષકોને મુક્તિ નહીં મળે તેવું પણ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટ કરી દીધું છે. આ મુદ્દે હવે પાટણથી કોંગ્રેસના ધારાસભ્ય ડો.કિરીટ પટેલ પણ મેદાનમાં ઉતર્યા છે. ધારાસભ્ય ડો.કિરીટ પટેલે શિક્ષકોના કામના કલાકો ઘટાડવા માગ કરી છે. કિરીટ પટેલે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પત્ર લખીને આ મુદ્દે શિક્ષકોના કામના કલાકો ઘટાડવા માટે માગ કરી છે. સાથો-સાથ જો શિક્ષકોના કામના કલાકો નહીં ઘટાડવામાં આવે તો શિક્ષકોને સાથે રાખીને સરકાર સામે આંદોલન છેડવાની ચીમકી પણ ધારાસભ્ય કિરીટ પટેલે ઉચ્ચારી છે. એટલું નહીં આ મુદ્દે ઝી ૨૪ કલાક સાથેની વાતચીતમાં કિરીટ પટેલે જણાવ્યું છેકે, અધિકારીઓનો ઈગો સંતોષવા માટે અને શિક્ષકોને દબાવવા માટે સરકારે આવો પરિપત્ર કર્યો છે. ભાજપ સરકારમાં ચૂંટાયેલાં પ્રતિનિધિઓ કંઈ કરી શકતા નથી તેઓ સરકારી અધિકારીઓ સામે સાવ લાચાર હોય છે.ગાંધીનગર તાજેતરમાં જ રાજયના પ્રાથમિક શિક્ષકોએ અઠવાડિયામાં ૪૫ કલાક કામ કરવું પડશે તેવો પરિપત્ર કરવામાં આવ્યો હતો. જેમાં શિક્ષકોએ સોમવારેથી શુક્રવારે રોજ ૮ કલાક અને શનિવારે પાંચ કલાક કામ કરવું પડશે તેવો ઉલ્લેખ હતો. જેનો શિક્ષકો વિરોધ કરી રહ્યા છે. બપોરની શાળાના શિક્ષકો માટે ૯.૩૦ થી સાંજે ૫.૩૦ સમય નક્કી કરવામાં આવ્યો છે..તો સવારની શાળાના શિક્ષકો માટે ૭.૩૦ થી ૩.૩૦નો સમય કરવામાં આવ્યો છે..જેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગઈકાલે પણ શિક્ષિકાઓ ગાંધીનગર પહોંચી હતી અને કામના કલાકોમાં ઘટાડો કરવામાં આવે તેવી માંગ કરી હતી. કામના કલાક ઘટાડવાની શિક્ષકોની માંગણીને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ફગાવી દીધી છે.

## કેન્દ્ર સરકારની કચેરીનો ૪૦ કરોડનો પ્રોપર્ટી ટેક્સ ભરવામાં આવ્યો ન હોવાનું જાણવા મળ્યું

અમદાવાદ, આ મંત્રાલયની સ્થાનિક કચેરીઓ પણ મ્યુનિ. પત્રોનો સંતોષકારક ઉત્તર વાળતી નથી. આ ત્રણેય કચેરીઓ પાસે રૂ. ૧૯ લાખ લહેણાં પેટે નીકળે છે. મ્યુનિ. સૂત્રોએ એમ જણાવ્યું કે, કેન્દ્ર સરકારની કચેરીઓ પાસે લ્હેણા પેટે બાકી નીકળતી પ્રોપર્ટી ટેક્સની રકમ અંગે અમદાવાદના ભાજપના લોકસભા અને રાજ્યસભાના સાંસદો સમક્ષ રજૂઆત કરવાની વિચારણા કરવામાં આવી છે. જેથી આ સાંસદો દિલ્હી સ્થિત રેલવે, તાર,ટપાલ અને ઈક્કમટેક્સ વિભાગના મંત્રાલય સમક્ષ રજૂઆત કરીને લહેણી રકમ અંગે ઉકેલ લાવી શકેઅમદાવાદ શહેરના મ્યુનિ. કરદાતાઓ કોઈ નાના કારણોસર મ્યુનિ. પ્રોપર્ટી ટેક્સના બિલના નાણાં ભરવામાં વિલંબ કરે તો તેમના પાણી, ગટર લાઈનના જોડાણો કટ કરવાની આખરી ચેતવણી આપવામાં આવે છે પરંતુ જેમની તિજોરી નાણાંથી છલોછલ ભરેલી છે તે કેન્દ્ર સરકારની રેલવે, તાર, ટપાલ અને ઈક્કમટેક્સ વિભાગોની મિલકતો કહો કે, ઓફિસોના પ્રોપર્ટ્ટી ટેક્સ પેટે કુલ રૂ.૪૦ કરોડથી પણ વધુ રકમ છેલ્લા ત્રણ વર્ષથી બાકી હોવા છતાં પ્રોપર્ટી ટેક્સ ભરવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવવા પામી છે. દેખીતી રીતે જ અમદાવાદના સામાન્ય મ્યુનિ. કરદાતાઓને પ્રોપર્ટી ટેક્સની લહેણી રકમ માટે નોટિસ આપવામાં આવે છે. આમ છતાંયે પ્રોપર્ટી ટેક્સની લહેણી રકમ ભરવામાં ન આવે તો ગુલાબી કલરના એક પત્રવાળી આખરી નોટિસ બજાવવામાં આવે છે. આ આખરી નોટિસનો પણ અમલ કરવામાં ન આવે તો પ્રોપર્ટી ટેક્સની લહેણી રકમ પર રોજની અઢાર ટકા પેનલ્ટી કહો કે વ્યાજ ફટકારવામાં આવે છે, જેના કારણે ગરીબ મધ્યમવર્ગીય કરદાતાઓ માથે દેવું કરીને પણ પ્રોપર્ટી ટેક્સ ભરી દે છે. આવી જ આખરી નોટિસો કેન્દ્ર સરકારની રેલવે, તાર, ટપાલ અને ઈક્કમટેક્સની સ્થાનિક કચેરીઓને બજાવવામાં આવે છે પરંતુ તે આખરી નોટિસો ન તો કોઈ સ્પષ્ટ ઉત્તર વાળવામાં આવે છે કે ન તો પ્રોપર્ટી ટેક્સની લહેણી રકમ ભરવામાં આવે છે. મ્યુનિ. પ્રોપર્ટી ટેક્સ વિભાગના સૂત્રોએ એમ જણાવ્યું કે રૂ.૪૦ કરોડની લહેણીરકમ પૈકી રૂ. ૨૧ કરોડ તો પ્રિમ રેલવેની અમદાવાદ સ્થિતિ કચેરીઓ પાસે લેવાના નીકળે છે. આ માટે પ્રિમ રેલવેના મુંબઈ સ્થિત મંત્રાલયને પણ પત્રો લખવામાં આવે છે પરંતુ પ્રોપર્ટી ટેક્સનો પ્રશ્ન ઠેરનો ઠેર રહે છે. આવી જ સ્થિતિ તાર, ટપાલ અને ઈક્કમટેક્સ વિભાગની કચેરીઓના પ્રોપર્ટી ટેક્સની લહેણી રકમ માટે સર્જાયેલી છે.

# મોઢેરા બનશે દેશનું સૌથી મોટું સોલાર વિલેજ

મહેસાણા , સૂર્ય મંદિર આરટીઓ લોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા હસ્તક હોવાથી તેની પરમીશન મેળવી છે અને મંદિરના પરિસરમાં પાર્કિંગ પ્લોટ ખાતેથી સમગ્ર સિસ્ટમ ઓપરેટ થશે અને આ પ્રોજેક્ટ નું કામ હાલ પૂર્ણતા ના આરે છે. હાલમાં મોઢેરા ગામ વાસીઓ તથા મંદિરની વીજળીની જરૂરિયાત કલાક દીઠ માત્ર દસ હજાર છે, પરંતુ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી પ્રોજેક્ટ દ્વારા કલાક ૧૫૦ લાખ યુનિટ વીજ ઉત્પાદન આ પ્રોજેક્ટમાં આવશે. જેથી ગુજરાત માટે ખુશીની વાત કહી શકાય કે, સૂર્યમંદિર અને મોઢેરા ગામ દેશનું પ્રથમ સોલાર વિલેજ બનવા જઈ રહ્યું છે.મોઢેરા ખાતે આવતા પ્રવાસીઓ મંદિરની શોભા માત્ર દિવસ દરમિયાન જોઈ શકે છે. ત્યારે આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ પ્રોજેક્ટમાંથી ઉત્પન્ન થતી વીજળી દ્વારા મંદિર પરિસર સૌર ઊર્જાથી ઝળહળી ઉઠશે. જેમાં રાત્રી દરમિયાન સુંદર લાઈટિંગના નજરા સાથે જોવા મળશે. જેથી સૂર્ય મંદિરની નવી ઓળખને નિહાળવા પર્યટકોમાં પણ વધારો નોંધાઈ શકે છે.પ્રોજેકટનું મોટાભાગનું કામ પૂર્ણતાના આરે છે. દેશનો પ્રથમ સોલાર પ્રોજેકટ મોઢેરાથી નજીક આવેલ સુજાણપુરા ખાતે સ્થાપિત કરવામાં આવ્યો છે. જે પ્રોજેક્ટની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જ્યાં લગભગ કામગીરી પૂર્ણ થવા આવી છે. મોઢેરા ગામમાં મકાનોની છત પર સોલાર સિસ્ટમ લાગવાની કામગીરી ચાલી રહી છે. જેમાં મોઢેરા ગામમાં પંચાયત, શાળાઓ, મંદિરો, દવાખાનાઓ અને મકાનો પર મોટા ભાગની સોલાર સિસ્ટમ ફિટ કરી દેવામાં આવી છે અને બાકી રહેલા મકાનો પર સિસ્ટમ લગાડવાની કામગીરી ચાલી રહી છે.સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આગામી ૧૭ સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી મોદી આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરાવી શકે છે. જોકે આ અંગે હજુ કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સુપ્રસિદ્ધ મોઢેરા ગામને હવે સોલારથી ચાલનાર ગામ તરીકે ઓળખ મળશે. મોઢેરા ખાતે આવેલું સૂર્યમંદિર સુપ્રસિદ્ધ મંદિર છે. જેના કારણે મોઢેરા ગામને દેશ દુનિયાના લોકો ઓળખતા થયા છે. જેમાં હવે દેશનો પ્રથમ મોટો સોલાર પ્રોજેક્ટ સ્થાપિત થવાના કારણે હવે આ ગામને ફરી એક નવી ઓળખ મળી છે. જેમાં ભારતનું એક માત્ર એવું ગામ કે જ્યાં માત્ર સોલારથી ઉપકરણો ચાલશે. જેથી હવે દેશ વિદેશમાં સોલાર વિલેજ તરીકે મોઢેરા ગામ અને સૂર્યમંદિર ઉભરી આવશે. મહેસાણા જિલ્લામાં આવેલું મોઢેરા ગામ સૂર્યમંદિરના કારણે દેશ અને દુનિયામાં વિખ્યાત છે. સૂર્યમંદિરના કારણે અહીં દેશ-દુનિયાના લોકો મોઢેરા ગામ અને મંદિરને નિહાળવા ખેંચાઈ આવે છે. જેથી મોઢેરા ગામને એક નવી અને આગવી ઓળખ પણ મળી રહી છે. જ્યારે મોઢેરા ગામ હવે દેશનો સૌથી મોટો સોલાર પ્લાન્ટ ચલાવનાર ગામ બનવા જઈ રહ્યું છે. જેનું કામ હાલમાં પુરજોશમાં ચાલી રહ્યું છે. મોઢેરામા રૂપિયા ૬૯ કરોડના ખર્ચે દેશનો પ્રથમ સોલાર પ્રોજેક્ટ બની રહ્યો છે. આ પ્રોજેક્ટ થકી સમગ્ર મોઢેરા ગામ અને સૂર્યમંદિર સૌર ઊર્જા પર ચાલશે. રુપિયા ૬૯ કરોડનો કુલ ખર્ચ ધરાવતો આ પ્રોજેક્ટ રાજ્ય સરકારની નોડલ એજન્સી ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડ દ્વારા મહિન્દ્રા કંપની મહિન્દ્રા સસ્તેન લિમિટેડનો છે. જે દક્ષિણ કોરિયાથી ટેકનોલોજી આયાત કરે છે. જેમાં ખાસ વિશેષતા એ છે કે, બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ બીઈએસેસ ધરાવતા બજેટમાં ઉત્પાદિત સોલર એનર્જીનો ઉપયોગ રાત્રે પણ થશે. રુપિયા ૬૯ કરોડના આ સોલાર પ્રોજેક્ટ દ્વારા ઉત્પાદિત સોલાર એનર્જી મોઢેરા ગામના કુલ ૧૬૧૦ ઘરોમાં અને સૂર્યમંદિરને દિવસ-રાત સૂર્ય ઉર્જા પૂરી પાડવામાં આવશે. કુલ ઘરો પૈકીના ૨૭૧ ઘર ઉપર એક કિલો વોટની રુફટોપ સિસ્ટમ પણ હાલમાં લગાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જે વીજળી ઘર માલિકો ગ્રેડમાં વહેંચી પણ સબસે સ્માર્ટ પણ લગાવવામાં આવશે. કેન્દ્રના બિન પરંપરાગત ઉર્જા પર પ્રભાવ કે આ પ્રોજેક્ટ માટે ૫૦ ટકા લેખે રુપિયા ૨.૫ કરોડ ફાળવ્યા છે.

# દાહોદ જીલ્લામાં અલગ અલગ સ્થળેથી ત્રણ બાઈકોની ચોરી

દાહોદ,
દાહોદ જિલ્લામાંથી ત્રણ જુદી જુદી જગ્યાએથી એક સાથે ત્રણ મોટરસાઈકલની ઉઠાંતરી થતાં વાહન ચાલકોમાં આક્રોશ સાથે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સંબંધે જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

મોટરસાયકલ ચોરીનો પ્રથમ બનાવ દાહોદ શહેરમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૧૯ ઓગસ્ટના રોજ વહેલી સવારના અગિયાર વાગ્યાના આસપાસ દાહોદ તાલુકાના ગામે રહેતા શંકરભાઈ સવસિંગભાઈ બારીયા એ પોતાની મોટરસાયકલ દાહોદ નગરપાલિકાના પાર્કિંગ વિસ્તારમાં લોક મારી પાર્ક કરી કોઈ કામ અર્થે ગયા હતા. તેઓની આ મોટર સાયકલને ધોળે દિવસે સવારના ૧૧:૦૦ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ મોટરસાયકલ નો લોક તોડી ચોરી કરી લઈ નાખીને પોતાના સંબંધને શંકરભાઈ બારીયા દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મોટર સાયકલ ચોરીનો બીજો બનાવ પણ દાહોદ શહેરમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૧૭મી ઓગસ્ટના રોજ દાહોદ શહેરના ઈન્દોર હાઈવે રોડ લક્ષ્મી રેસીડેન્સી ખાતે રહેતા મુકેશભાઈ કાળુભાઈ માવી દાહોદ શહેરમાં આવેલ બસ સ્ટેશન રોડ ખાતે બેંક ઓફ બરોડા ઈન્ડિયા ખાતેના પાર્કિંગમાં પોતાની મોટરસાયકલ લોક મારી પાર્ક કરી કોઈ કામ અર્થે ગયા હતા. ત્યારે આ મોટર સાયકલને ચણિયાચોરી પોતાનો કસબ અજમાવી મોટરસાયકલની ચોરી કરી લઈ નાખી જતા આ સંબંધે મુકેશ ભાઈ કાળુભાઈ માવી દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મોટર સાઈકલ ચોરીનો બનાવ ગરબાડા તાલુકાના જાંબુઆ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૨ ઓગસ્ટના રોજ જાંબુઆ ગામે રહેતા ધવલકુમાર રાજુભાઈ રોજ છ એ પોતાની મોટરસાયકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાછળ કરી હતી. આ મોટરસાયકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાયકલ લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે ધવલકુમાર દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના ટૂંકીવજુ ગામે ચોર ઈસમોએ ઘરમાંથી બંદુક અને ચાર કારતુસની ચોરી કરી

ગરબાડા,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ટૂંકીવજુ ગામએ અજાણ્યા ચોર ઈસમોએ એક મકાનને નિશાન બનાવી મકાનમાંથી બંદુક તેમજ પાંચ કારતૂસ મળી કુલ રૂ ૨૯૫૦ ની મત્તાની ચોરી કરી લઈ નાખી દેતાં પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ગત તારીખ ૫ સપ્ટેમ્બરના રોજ ટૂંકી વજુ ગામ એ પાટા ડુંગરી ફળિયામાં રહેતા રાયસીંગભાઈ બાબરભાઈ ગોહિલ ના મકાનમાં રાત્રીના કોઈ પણ સમયે અજાણ્યા ચોર ઈસમોએ પ્રવેશ કર્યો હતો અને ઘરના ધાબા ઉપર સીડી થી તમે કરી ધાબાનો દરવાજો ખોલી નાખ્યો હતો અને ઘરમાં પ્રવેશ કરી અંદર મૂકી રાખેલ એક બંદૂક કિંમત રૂપિયા ૨૧૦૦/– પાંચ કારતૂસ કિંમત રૂપિયા ૫૫૦/– અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨૯૫૦/– ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતા આ સંબંધે રાયસીંગભાઈ બાબરભાઈ ગોહિલે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં બે જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતને કારણે સર્જાયેલા માર્ગ અકસ્માતના બે બનાવમાં બે વ્યકિતઓના મોત નિપજયાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના કંબોઈ ગામે હાઈવે રોડ પર બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૬ સપ્ટેમ્બરના રોજ એક ફોર વીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોરવિલ ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઈ રહેલ બળવંતભાઈ લાલચંદભાઈ માવી (ઉંમર વર્ષ ૪૦, રહે. ખેરીયા, નિશાળ ફળિયા, તાલુકો લીમખેડા, જિલ્લો દાહોદ) ની મોટરસાઈકલને અડફેટમાં લેતા બળવંતભાઈ મોટરસાયકલ પછી જમીન પર ફંગોળાયા હતા. જેને પગલે તેઓને શરીરે તેમ જ માથાના ભાગે ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જી ફોરવીલ નો ગાડીનો ચાલક ઘટના સ્થળ પર પોતાની ફોરવિલ ગાડી મૂકી નાસી જતાં આ સંબંધે ખેરીયા, નિશાળ ફળિયામા રહેતા સુભાષભાઈ વાલસીંગભાઈ માવી દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના દાભડા ગામે હાઈવે રોડ પર બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ સપ્ટેમ્બર ના રોજ એક ઈન્ડીકા ફોર વીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ઈન્ડિકા ફોરવીલ ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતો હતો. આ દરમિયાન હાઈવે રોડ પરથી પશુઓ પસાર થતાં ગાડીના ચાલક સંજયભાઈ સેનાભાઈ ભાભોર (રહે.ઢઢેલા તાલુકો લીમખેડા) એ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા તેના કબજાની ગાડી પલટી ખાઈ ગઈ હતી. જેને પગલે પંદરસો ૧૮ વર્ષીય કરણભાઈ બાબુભાઈ ભાભોર (રહે.ઢઢેલા) ગાડીમાંથી પણ વાળી જમીન પર ફંગોળાતા તેને શરીર તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. જ્યારે ગાડીનો ચાલક ઘટના સ્થળ પર ગાડી મૂકી નાસી ગયો હતો. આ સંબંધે ઢઢેલા ગામે રહેતા બાબુભાઈ સેનાભાઈ ભાભોરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદના લખનપુરા ગામે પરણિતાને ત્રાસ આપી ઘર માંથી કાઢી મૂકતા ફરિયાદ

દાહોદ,
ઝાલોદ તાલુકાના વખતપુરા ખાતે એક પરણિતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા શારીરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં આ સંબંધે પરણિતાએ દાહોદ મહિલા પોલીસના દરવાજા ખટખટાવ્યાંનું જાણવા મળે છે.

હાલ પીયરમાં કુણી હઠિલા ફળિયું, ઝાલોદ તાલુકામાં રહેતી રમીલાબેન ઉર્ફે યોગીનાબેન કનેશભાઈ ભુરીયાના લગ્ન તારીખ ૦૧.૦૪.૨૦૨૧ના રોજ ઝાલોદ તાલુકાના વખતપુરા ગામે નિશાળ ફળિયામાં રહેતાં કનેશભાઈ ખુમસીંગભાઈ ભુરીયા સાથે સમાજના રિતી રિવાજ મુજબ થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી રમીલાબેનને પતિ કનેશભાઈ, સસરા ખુમસીંગભાઈ નરસીંગભાઈ અને સાસુ સોનલબેન ખુમસીંગભાઈ તમામ જાતે ભુરીયાનાઓએ સારૂં રાખ્યાં બાદ પોત પ્રકાશ્યું હતું અને પરણિતા રમીલાબેનને અવાર નવાર મેણા ટોણા મારી કહેતાં હતાં કે, અમારે તને રાખવી નથી, અમારી બીજી યુવતી લાવવાની છે, તુમ અમને ગમતી નથી, તેમ કહી પરણિતા રમીલાબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપી મારી નાંખવાની ધમકી આપી એક દિવસ ઘરમાંથી કાઢી મુકતાં પરણિતા રમીલાબેન પહેરેલ કપડે પોતાની પીયરમાં આવી પહાંચી હતી. આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતાએ ગત તા.૦૧.૦૭.૨૦૨૧ના રોજ દાહોદ મહિલા પોલીસ મથકે પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોરોનાના કારણે સતત બીજા વર્ષે ભાદરવી અમાસના પર્વે કોળીયાકનો મેળો બંધ

ભાવનગર,
દેવાધિદેવ મહાદેવની આરાધના માટે વિશેષ મહત્વ ધરાવતી સોમવતી અમાસ યોગાનુયોગ સોમવારે આવતી હોય તેનું ભાવિકોમાં મહત્વ સવિશેષ વધી ગયુ હોય સોમવારે વહેલી સવારથી જ ભાવનગર શહેર અને જિલ્લાભરના તમામ પ્રાચીન અને અર્વાચીન શિવાલયોમાં ભકતોની ભીડ જોવા મળી હતી. કેટલાક પ્રાચીન મંદિર ખુલતા જ મહાદેવના પ્રથમ દર્શન કરવા તેમજ જળાભિષેક, દુગ્ધાભિષેક,



પૂજન અને અર્ચન માટે ભકતોની લાંબી કતારો પણ દ્રશ્યમાન થઈ હતી અને ચોતરફ ધર્મ અને ભકિતમય માહોલ છવાયેલો જણાતો હતો. આજના દિવસે શિવાલયોમાં તેમજ અનેક શ્રધ્ધાળુઓએ તેમના ઘેર પાર્થિવ શિવલીંગ પૂજન, મહામૃત્યુંજય યજ્ઞા, સવાલક્ષ બીલ્વપૂજા, લઘુરુદ્ર, રૂદ્રીપાઠ, બટુકભોજન, બ્રહ્મભોજન સહિતના કાર્યક્રમો ગોઠવ્યા હતા.કોરોનાને લઈને ગત વર્ષની જેમ આ વર્ષે પણ પ્રતિબંધ મુકાતા કોળીયાક પાસેના પૌરાણિક યાત્રાધામ નિષ્કલંક મહાદેવના મંદિરે ભાવિકોએ સમુદ્ર સ્નાન ન કર્યુ અસ્થિ વિસર્જન માટે આવેલા અસંખ્ય પરિવારો નજરે ચડયા હતા.અગાઉના વર્ષોમાં ભાદરવી અમાસના પર્વની પુર્વ સંધ્યાથી જ કોળીયાકમાં દરિયા કિનારે દૂરદૂરથી આબાલવૃધ્ધ શ્રધ્ધાળુઓ ઉમટતા હતા અત્રે બે દિવસ અને એક રાત્રીના ભાતીગળ લોકમેળામાં લાખ્ખો ભાવીકો સમુદ્રસ્નાન સાથે મેળાની મોજ માણી ધન્યતાની લાગણી અનુભવતા હતા. જયારે આ વર્ષે કોરોનાને લઈને મેળો બંધ રહ્યો હતો. જયારે અસ્થિ વિસર્જન કરવા આવેલ વ્યકિતઓ સહિત મર્યાદિત લોકોએ સ્નાન કર્યુ હતુ.આજે અત્રે સર્વપ્રથમ વખત યુવરાજએ ધજા ચડાવી પૂજન કર્યુ હતુ.તેઓએ કોરોનાની મહામારી દુર થાય અને ભાવનગરવાસીઓ સુખી અને સલામત રહે તેવી પ્રાર્થના કરી હતી. આ અવસરે મંત્રીના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. કોળીયાકના માર્ગમાં ઠેર ઠેર બેરીકેટ લગાવાયા હતા. શ્રાવણ માસના છેલ્લા બે દિવસ મોટા ગોપનાથ તીર્થમાં પણ પરંપરાગત લોકમેળો ભરાય છે. જયારે શહેરના ચાવડી ગેટ ખાતે ભાદરવી અમાસનો ભાતીગળ લોકમેળો બંધ રખાયો હતો. રંઘોળામાં ભાવનાથ મહાદેવતેમજ સિહોરમાં ગૌતમેશ્વર મહાદેવ સહિત નવનાથના શિવાલયોમાં પણ શ્રધ્ધાળુઓની ભીડ જોવા મળી હતી.

# સુપ્રીમ કેન્દ્રથી નારાજ : આદેશોનું સન્માન જાળવો

નવી દિલ્હી,
સુપ્રીમની બેંચે કહ્યું કે અમે જે આદેશ આપ્યા હતા તે હિસાબે અત્યાર સુધી નિમણુંક કેમ નથી થઈ? સરકાર નિમણુંકો ન કરીને ટ્રિબ્યૂનલને શક્તિહીન બનાવી રહી છે. અનેક ટ્રિબ્યૂનલ તો બંધ થવા જઈ રહ્યા છે તે પ્રકારની પરિસ્થિતિનુ નિર્માણ થયું છે. અમે આ પરિસ્થિતિથી નાખુશ છીએ. અમારી પાસે હવે માત્ર ત્રણ જ વિકલ્પો રહ્યા છે. પહેલો વિકલ્પ છે અમે કાયદા પર રોક લગાવી દઈએ, બીજો વિકલ્પ છે અમે ટ્રિબ્યૂનલ બંધ કરાવી દઈએ અને બધા અધિકારો કોર્ટને સોંપી દઈએ. ત્રીજો વિકલ્પ છે અમે ખુદ ખાલી પદો પર નિમણુંક કરી લઈએ. સભ્યોની કમીને કારણે એનસીએલટી અને એનસીએલએટી જેવા ટ્રિબ્યૂનલમાં કામ ઠપ થઈ ગયું છે. બાદમાં કેન્દ્રએ કોર્ટ પાસે વધુ સમય આપવાની માગણી કરી હતી.સુપ્રીમ



કોર્ટે સોમવારે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર અમારા આદેશનું સન્માન નથી કરી રહી. અમારી ધીરજની પરીક્ષા ન લેવામાં આવે. સુપ્રીમ કોર્ટે આ નિવેદન ટ્રિબ્યૂનલની ખાલી જગ્યાઓને ન ભરવામાં આવતા કર્યું હતું. સાથે જ ટ્રિબ્યૂનલ રિફોર્મ એક્ટ પાસ ન કરવા પર પણ કેન્દ્રની ઝાટકણી કાઢી હતી. સુપ્રીમે કહ્યું હતું કે ટ્રિબ્યૂનલના આટલા પદો ખાલી પડયા છે જેનાથી કામકાજ ઠપ છે. કેન્દ્ર અમારી ધીરજની પરીક્ષા લેવાનું બંધ કરે અને પદો ભરવાના અમારા આદેશનું સન્માન જાળવે. મુખ્ય ન્યાયાધીશ એનવી રમન્ના, જસ્ટિસ ડીવાઈ ચંદ્રચુડ, જસ્ટિસ એલ નાગેશ્વર રાવની બેંચે સોલિસિટર જનરલ તુષાર મેહતાને પૂછ્યું હતું કે અત્યાર સુધીમાં કેટલા લોકોને ટ્રિબ્યૂનલમાં અપોઈન્ટ કરવામાં આવ્યા. તમે કહ્યું હતું કે કેટલાક લોકોની નિમણુંક કરવામાં આવી છે. ક્યાં છે આ નિમણુંકો?. અમે નિમણુંક કરવા માટેના જે આદેશ આપ્યા હતા તેનું પાલન કેમ હજુસુધી નથી કરવામાં આવ્યું?

## સંજેલીના કરંબા ગામે પ્રા.શાળા માંથી ચોર ઈસમો એ લેપટોપ અને ચાર્જરની ચોરી કરી

દાહોદ,
દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કરંબા ગામે આવેલ પ્રાથમિક શાળામાં અજાણ્યા ચોર ઈસમોએ પ્રવેશ કરી શાળા માં રાખેલ એક લેપટોપ તેમજ ચાર્જર એમ કુલ રૂપિયા ૧૦ હજારની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

સંજેલી તાલુકાના કરંબા ગામે આવેલ પ્રાથમિક શાળામાં ગત તારીખ ૨૮ ઓગસ્ટના રોજ અજાણ્યા ચોરી સમય પ્રવેશ કર્યો હતો અને શાળામાં બારી મારફતે પ્રવેશ કર્યો હતો અને ઓફિસના રૂમમાં મૂકી રાખેલ એક લેપટોપ અને એક ચાર્જર એમ કિંમત મળી કુલ ૧૦ હજારની મતાની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો નાસી જતા આ સંબંધે પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શુક્રમભાઈ ચુનીલાલ બારીયા દ્વારા સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સીંગવડના તારમી ગામેથી ફોર વ્હીલ માંથી ૨.૬ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના તારમી ગામેથી પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી રૂા.૨,૦૬,૮૬૦ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલરની કિંમત મળી કુલ રૂા. ૪,૩૧,૮૬૦ના મુદ્દામાલ સાથે ગાડીના ડ્રાઈવર સહિત બે જણાની અટકાયત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. ગત તા.૦૬ સપ્ટેમ્બરના રોજ સીંગવડ તાલુકાના રણધીકપુર પોલીસને મળેલ બાતમીના આધારે તારમી ગામે વોચ ગોઠવી ઉભી હતી. આ દરમ્યાન ત્યાંથી એક ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં તેને પોલીસે ચારેય તરફથી ઘેરી લીધી હતી અને ગાડીમાં સવાર ચાલક જિતેન્દ્ર લટુરીસીંગ ગડરીયા (રહે. લીમડી, તા.ઝાલોદ) અને ગીરીશભાઈ મગનભાઈ પરમાર (રહે. લીમડી, તા. ઝાલોદ) આ બંન્ને જણાની અટકાયત કરી હતી અને ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ અને બીયરની કુલ બોટલો નંગ. ૧૪૦૨ કિંમત રૂા.૨,૦૬,૮૬૦ તેમજ ફોર વ્હીલર ગાડીની કિંમત મળી કુલ રૂા.૪,૩૧,૮૬૦નો મુદ્દામાલ રણધીકપુર પોલીસે કબજે લઈ ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂદધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં તાલુકા કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં યુવાનો ભાગ લઈ શકશે

દાહોદ,
દાહોદ જિલ્લામાં તાલુકા કક્ષાએ યુવા ઉત્સવ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દાહોદ દ્વારા સંયુક્ત રીતે આ સ્પર્ધાનું આયોજન કરાયું છે.

આ સ્પર્ધામાં નિબંધ, પાદપૂર્તિ, કાવ્યલેખન, ગઝલ–શાયરી લેખન, સર્જનાત્મક કારીગરી, ચિત્ર, વક્તૃત્વ સ્પર્ધા, દોહા–છંદ–ચોપાઇ, લોકવાર્તા, લગ્નગીત ભજન, સમૂહ ગીત, હળવું કંઠય સંગીત, લોક વાદ્ય સંગીત, એક પાત્રીય અભિયાન જેવી સ્પર્ધાનુ ૧૫ થી ૨૦ વર્ષ સુધી અ– વિભાગ, ૨૦ થી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના બ– વિભાગ, ૧૫ વર્ષથી ૨૯ વર્ષ સુધીના ખુલ્લો વિભાગમાં યોજાશે.

સ્પર્ધકે ભાગ લેવા માટેનુ ફોર્મ તા. ૧૩/૦૯/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા સરવે ભવન, છાપરી, દાહોદ ખાતેથી મેળવી લેવાનુ રહેશે. ફોર્મ ભરનાર સ્પર્ધકને સ્પર્ધા તારીખ અને સ્થળની જાણ કચેરી દ્વારા કરવામાં આવશે. વધુ માહિતી નિયમોની જાણકારી માટે પ્રાંત યુવા વિકાસ અધિકારી જે. સી. ડાભી સંપર્ક નં ૯૪૨૮૧૩૧૮૫૯ નો સમ્પર્ક કરવાનો રહેશે. દાહોદનાં જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

## ‘શ્રી રામાયણ યાત્રા’ની સ્પેશિયલ ટ્રેન ધાર્મિક પ્રવાસનને ઉત્તેજન આપવા માટે




નવી દિલ્હી,
આ સ્પેશિયલ ટ્રેનના દરેક ડબામાં સિક્યુરિટી ગાર્ડ્સ અને સીસીટીવી કેમેરાની સુવિધા હશે. આ સમગ્ર પ્રવાસ ૧૭ દિવાસનો હશે, જે હેઠળ ૭,૫૦૦ કિ.મી.નું અંતર આવરી લેવાશે. અયોધ્યામાં ટ્રેનનું પ્રથમ સ્ટોપ હશે. પ્રવાસીઓને બંધાય રહેલા શ્રી રામ જન્મભૂમિ મંદિર, નંદીગ્રામનું ભારત મંદિર અને હનુમાન મંદિરના દર્શન અયોધ્યાના રોકાણ દરમિયાન કરાવાશે. આ પછી બીજું સ્ટોપ બિહારનું સિતામઢી હશે, જે માતા સીતાનું જન્મ સ્થળ છે. જનકપુરમાં રામ-જાનકી મંદિરની મુલાકાત જમીન માર્ગે રોડ થકી કરાવાશે. વારાણસી, ચિત્રકૂટ, પ્રયાગરાજના મંદિરો પણ આ પ્રવાસમાં આવરી લેવામાં આવશે. છેલ્લા સ્ટોપ નાસિક, રામેશ્વરમ્ અને હમ્પી હશે. ૧૭માં દિવસે ટ્રેન દિલ્હી પરત ફરશે અને અંદાજે ૭,૫૦૦ કિ.મી.નો પ્રવાસ તેણે પાર પાડયો હશે.કેન્દ્ર સરકારે શરૂ કરેલી પહેલ ’દેખો અપના દેશ’ અન્વયે ભારતીય રેલવેએ ’શ્રી રામાયણ યાત્રા’ નામની ખાસ ટ્રેન સેવા શરૂ કરી દેશમાં ધાર્મિક પ્રવાસનને ઉત્તેજન આપવાનું નિર્ધાર્યું છે. કોવિડ-૧૯ના બધા જ લેટેસ્ટ અપડેટ્સને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. આ પ્રવાસ ડિલક્સ એસી ટુરિસ્ટ ટ્રેન દિવાળી પછી શરૂ કરવામાં આવશે અને સાતમી નવેમ્બરે સફદરજંગ રેલવે સ્ટેશનથી આ ટ્રેન રવાના કરવામાં આવશે. આ ટુર હેઠળ ભગવાન રામ સાથે સંકળાયેલા તમામ અગ્રણી સ્થળોને આવરી લેવામાં આવશે. ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી), ઈન્ડિયન રેલ્વેસ કેટરિંગ એન્ડ ટુરિઝમ સબસિડિયરીએ ભેગા મળીને આ યાત્રાનું ભાડું અને સ્પેશિયલ ટ્રેનોના રૂટને નક્કી કર્યો છે. આ આખી ’શ્રી રામાયણ યાત્રા’ના પ્રવાસ માટે વ્યક્તિ દીઠ રૂા.૮૨,૯૫૦ ભાડું નક્કી કરાયું છે, જેમાં એસી (પ્રથમ અને બીજા) વર્ગો, એસી હોટેલમાં રહેવું. ભોજન, આસપાસના જોવાલાયક સ્થળોની મુલાકાત, ટ્રાવેલ ઈન્સ્યુરન્સ અને આઈઆરસીટીસી ટુર મેનેજરની સેવાનો સમાવેશ થાય છે.

## લાઠીચાર્જમાં નુકસાન પહોંચ્યુ તેવા પરિવારોને વળતર આપવામાં આવે : રાકેશ ટિકૈત

નવી દિલ્હી,
મુઝફ્ફરનગરમાં હર હર મહાદેવ અને અલ્લાહુ અકબરના નારા પર ટિકૈતે કહ્યુ હતુ કે, આપણે દરેક ધર્મનુ સન્માન કરવાની જરૂર છે. આવુ ના કરવાનુ હોય તો સંવિધાનની જરૂર જ નથી. જો કોઈને આપત્તિ હોય તો તે જાહેર કરે કે મુસ્લિમો જે અનાજ ઉગાડશે તે અમે નહીં ખાઈએ. હરિયાણામાં આજે યોજાનારી મહાપંચાયત પહેલા ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યુ છે કે, ખેડૂતો આ વખતે અધિકારીઓ સાથે વાતચીત કરશે. અમે ઈચ્છીએ છે કે, ૨૮ ઓગસ્ટે થયેલા લાઠીચાર્જમાં જેમનુ નુકસાન પહોંચ્યુ છે તેવા પરિવારનો વળતર આપવામાં આવે. તેમણે કહ્યુ હતુ કે, સરકાર ઈન્ટરનેટ બંધ કરશે તો લોકો નહીં આવે તેવુ સરકાર વિચારતી હોય તો તે ખોટુ છે. સરકાર ઈચ્છે તો કૃષિ કાયદાઓ પર વાતચીત માટે વાતાવરણ ઉભુ કરી શકે છે. ટિકૈતે કહ્યુ હતુ કે, અમે હરિયાણા જઈએ છે તો ત્યાંના મુખ્યમંત્રી અમને બહારના છે તેમ કહે છે. જો વડાપ્રધાન ઉત્તરપ્રદેશમાં બહારના નથી તો અમે હરિયાણા અને ગુજરાતમાં બહારના કેવી રીતે થઈ ગયા. સરકારી તાલિબાન શબ્દ પર ટિકૈતે કહ્યુ હતુ કે, જે શબ્દો પર પ્રતિબંધ છે તેનો ઉપયોગ સરકારે કરવો જોઈએ નહીં.અમે તેમને સરકારી તાલિબાન કહ્યુ તો તેમને દુખ થયુ પણ સરકારે પણ અમારા માટે ખાલિસ્તાની અને પાકિસ્તાની શબ્દનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

# રડારમાં ન પકડાય તેવાં ખતરનાક આત્મઘાતી ડ્રોન ખરીદશે ચીની સૈન્ય

બેઈજિંગ,
ચીનની સરકારે સ્થાનિક કંપનીઓ પાસેથી ખાસ પ્રકારના ડ્રોન્સની ડિઝાઈન મંગાવી છે. ધ નેશનલ ઈન્ટરેસ્ટના નિષ્ણાત માઈકલ પેકના કહેવા પ્રમાણે ચીનના લશ્કરની વેબસાઈટમાં એક નોટિસ પાઠવવામાં આવી છે. એમાં ખાસ પ્રકારના ડ્રોનની ડિઝાઈન આપવા કંપનીઓને કહેવાયું છે. કેવા પ્રકારના ડ્રોનની જરૂરિયાત છે તે અંગે પણ એમાં સ્પષ્ટતા કરવામાં આવી છે.આત્મઘાતી ડ્રોન્સ ૨૧મી સદીમાં સૌથી વિનાશક સાબિત થશે. તેના લાંબાંગાળાના ઉપયોગને ધ્યાનમાં રાખીને ચીને અત્યારથી જ આત્મઘાતી



આધુનિક હિથયારોથી સજ્જ થઈ શકે તેવા ડ્રોન ખરીદવાની દિશામાં ધ્યાન આપ્યું છે. આવા ડ્રોન રડારમાં પકડાયા વગર વિરોધી સૈન્યના મથકો ઉપર બોમ્બવર્ષા કરી શકે છે. એ ડ્રોન જો તૂટી પડે તો પણ વિસ્ફોટ થાય એટલે તેને તોડવાનું કામ પણ જોખમી હોય છે. ચીને તે માટે અલગથી ફંડ ફાળવ્યું છે.વળી, ચીને દેશની જાણીતી હસ્તિઓને પરેશાન કરવાનું પણ શરૂ કર્યું છે. ઉદ્યોગપતિ જેક મા, અભિનેત્રી ઝાઓ વેઈ, ફેન બિંગબિંગ, ઝેંગ શુઆંગ વગેરે પર ચીને સકંજો કસ્યો છે. જેમી સીડેલ નામના લેખકે એક લેખમાં દાવો કર્યો હતો કે ચીનના પ્રમુખ શિ જિનપિંગ માને છે કે આ સેલિબ્રિટિઝ અમેરિકાના ઈશારે નાચે છે અને આ બધા પશ્ચિમી દેશોના એજન્ટ છે એટલે તેમને પરેશાન કરવામાં આવે છે. જેક મા, ઝાઓ વેઈને ચીનની સરકારે ભેદી રીતે ગુમ કરી દીધા છે. તેની મહિનાઓથી કોઈ જ ભાળ મળી નથી.એ પ્રમાણે રડારમાં પકડાયા વગર, માત્ર ૧૦થી ૨૦ કિલો વજન ધરાવતા અને આધુનિક હિથયારોથી સજ્જ થઈ શકે એવા હિથયારો ખરીદવા પર ચીને ધ્યાન આપ્યું છે. એક કલાકમાં ત્રણથી ચાર કલાકનું અંતર કાપી શકે અને તેની ઝડપ ૧૫૦ કિલોમીટર પ્રતિકલાક કરતાં વધુ હોય તેવી તાકીદ પણ એ સાથે કરવામાં આવી હતી. ચીન તેના સૈન્યને વધુને વધુ ટેકનોલોજીથી સજ્જ બનાવી રહ્યું છે. સૈન્યની સંખ્યા વધારવાની સાથે સાથે આધુનિક ટેકનોલોજીથી સજ્જ સાધનો વસાવવા માટે પણ ચીને માતબર બજેટ ફાળવવાનું શરૂ કર્યું છે. ચીન તોતિંગ ખર્ચ કરીને વિશેષ પ્રકારના આત્મઘાતી ડ્રોન ખરીદવાની પેરવીમાં છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.14

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા શહેરમાં મચ્છજન્ય રોગચાળાએ ભરડો લેતાં

# આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું : દવા છંટકાવ અને ફોંગીગની કામગીરી શરૂ કરી

ગોધરા,
ગોધરા શહેર સહિત સમગ્ર પંચમહાલ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી મચ્છરજન્ય રોગચાળાએ ભરડો લીધો છે. હાલમાં ગોધરા શહેરમાં આવેલા મોટાભાગના દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. આમ, ગોધરા શહેરમાં મચ્છરજન્ય રોગોના કેસોમાં વધારો થયો છે. કેસોમાં થયેલા વધારાને લઈને આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સોસાયટી વિસ્તારમાં ફોગીગ, દવા છટંકાવ સહિત સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



ગોધરા શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં મચ્છરજન્ય રોગોના કેસોમાં અચાનક વધારો થયો છે.

ગોધરા શહેરમાં વધી રહેલા મચ્છરજન્ય રોગચાળાને લઈને જિલ્લા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ગોધરા શહેરના સોસાયટી વિસ્તારોમાં ફોગિંગ, દવા છંટકાવ અને આરોગ્ય સર્વેલન્સ સહિતની કામગીરી કરવામાં આવી હતી.

> પંચમહાલ જીલ્લામાં ૬૦ ઉપરાંત ડેન્ગ્યુના તેમજ ૨૫ જેટલા મેલેરીયાના કેસો નોંધાયા છે. જ્યારે ગોધરા શહેરમાં ૧ ચિકન ગુનિયાનો પોઝીટીવ કેસ મળી આવ્યો હોય જેને લઈ આરોગ્ય વિભાગ સર્તક બન્યું છે.

ગોધરા શહેર સહિત સમગ્ર પંચમહાલ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી મચ્છરજન્ય રોગચાળાએ ભરડો લીધો છે,હાલમાં ગોધરા શહેરમાં આવેલા મોટાભાગના દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે, આમ ગોધરા શહેરમાં મચ્છરજન્ય રોગોના કેસોમાં વધારો થયો છે. કેસોમાં થયેલા વધારાને લઈને આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે, જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સોસાયટી વિસ્તારમાં ફોગીગ ,દવા છંટકાવ સહિત સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છેગોધરા શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં મચ્છરજન્ય રોગોના કેસોમાં અચાનક વધારો થયો છે. જો ગોધરા શહેરમાં અત્યાર સુધીમાં મળી આવેલા ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસોની વાત કરવામાં આવે તો જિલ્લામાં ૬૦ ઉપરાંત ડેન્ગ્યુ અને ૨૫ જેટલા મેલેરિયાના કેસો નોંધાયા છે, તદ્દપરાંત ગોધરા શહેરમાંથી એક ચિકનગુનિયાનો પણ એક પોઝિટિવ કેસ મળી આવ્યો છે, જેને પગલે ડેન્ગ્યુ અને મેલેરિયાના મચ્છરો પર નિયંત્રણ લાવવું જરૂરી બન્યું છે. હાલમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘરે–ઘરે જઈને મચ્છરજન્ય રોગચાળા ફેલાય તેવા પાણીને દુર કરવામાં આવી રહ્યા છે, સાથે જ લોકોને પણ સમજાવવામાં આવી રહ્યા છે. જેને લઈને આવા ગંદા પાણીનો નિકાલ કરી શકાય.

### આરોગ્ય વિભાગની સર્વેલન્સ ટીમ દ્વારા ઘરે ઘરે સર્વે કામગીરી હાથ ધરાઈ

> આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘરે-ઘરે જઈને મચ્છરજન્ય રોગચાળા ફેલાય તેવા પાણીને દુર કરવામાં આવી રહ્યા છે, સાથે જ લોકોને પણ સમજાવવામાં આવી રહ્યા છે. જેને લઈને આવા ગંદા પાણીનો નિકાલ કરી શકાય.

## ગોધરા તાલુકાના ટીંબા રોડની ભાડાના જર્જરીત મકાનમાં ચાલતી પોસ્ટ ઓફિસ ખાલી કરવા ડીવીઝન સુપ્રિટેન્ડન્ટ ને ગ્રામ પંચાયતે નોટીસ આપી

ગોધરા,
ગોધરા તાલુકાના ટીંબા રોડ ગામે પોસ્ટ ઓફિસ માટે ભાડે આપેલ મકાન જર્જરીત હાલતમાં હોય ત્યારે આ જર્જરીત મકાન માંથી પોસ્ટ ઓફિસ ખાલી કરવા માટે ગ્રામ પંચાયત ગોઠડા દ્વારા અવાર–નવાર લેખિત અને મૌખિકમાં ગોધરા ડીવીઝન ઓફિસર સુપ્રિટેન્ડન્ટને કરવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી નહિ કરતાં પંચાયતે પાંચ દિવસમાં પોસ્ટ ઓફિસવાળુ જર્જરીત મકાન ખાલી કરવા નોટીસ આપવામાં આવી છે.



ગોધરા તાલુકાના ટીંબા રોડ ખાતે શ્રી કૃષ્ણ કો.ઓ.સેલ જનીંગ એન્ડ પ્રેસીંગના મકાનમાં છેલ્લા ૭૦ વર્ષથી પોસ્ટ ઓફિસને નજીવા દરે ભાડે થી આપેલ છે. આ મકાન જર્જરીત અને જોખમકારક હોય જેથી ગ્રામ પંચાયત દ્વારા સંસ્થાને નોટીસ આપીને જર્જરીત બિલ્ડીંગ ઉતારી લેવા માટે જણાવેલ હોય જેથી સંસ્થા દ્વારા પોસ્ટ ઓફિસના જર્જરીત મકાનને ખાલી કરવા માટે ગોધરા મુખ્ય પોસ્ટ ઓફિસના સુપ્રિટેન્ડન્ટને લેખિત મૌખિક રજુઆત છતાં કાર્યવાહિ નહિ કરતાં સંસ્થા દ્વારા વડોદરા અને અમદાવાદની પોસ્ટ વિભાગની વડી કચેરીઓમાં રજુઆત કરવા છતાં જર્જરીત મકાનમાં ચાલતી પોસ્ટ ઓફિસ ખાલી કરવામાં આવેલ નથી. પોસ્ટ ઓફિસવાળું બિલ્ડીંગ જોખમકારક હોય જેથી કર્મચારીઓ તેમજ કામ અર્થે આવતાં લાભાથી માટે જોખમ હોય તેને લઈ ગોઠડા ગ્રામ પંચાયત દ્વારા ૪ સપ્ટેમ્બરના રોજ જર્જરતી મકાન ઉતારી લેવાની કાર્યવાહી કરવાની હોવાથી પોસ્ટ ઓફિસ માટે ભાડે આપેલ મકાન ખાલી કરી આપવા માટે ગોધરા ડિવીઝન સુપ્રિટેન્ડન્ટને નોટીસ આપવામાં આવી છે. ૭ દિવસમાં જર્જરતી પોસ્ટ ઓફિસવાળું મકાન ખાલી નહિ કરાય તો ગ્રામ પંચાયત દ્વારા પોસ્ટ ઓફિસનો સામાન ગ્રામજનોની હાજરીમાં ખાલી કરી જર્જરીત મકાન ઉતારી લેવામાં આવશે. તેમાં નુકશાન અને કનડગત થાય તેની જવાબદારી મુખ્ય પોસ્ટ ઓફિસની તેવી નોટીસ આપવામાં આવી.

> આ નોટીસ મળ્યે દિન-૫ માં આ મકાન અમોને ખાલી નહિ કરી આપો તો અમો પોલીસ સુરક્ષા સાથે રાખી ગ્રામ પંચાયત તેમજ ગામ લોકોની હાજરીમાં આપનો સામાન ખાલી કરી આ જર્જરીત મકાન તોડી ઉતારી લઈશું અને પોસ્ટ ઓફિસની કામગીરીને લઈને જે નુકશાન થાય કે સામાન્ય પ્રજાને કનડગત થાય તેની સઘળી જવાબદારી આપની કચેરીની રહેશે જેની નોંધ લેશો.

## પંચમહાલ જીલ્લામાં મોડી સાંજે ગાજવીજ અને પવન સાથે મેઘરાજાની એન્ટ્રી

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં ભાદરવાની શરૂઆત સાથે મેઘરાજા એ ગાજવીજ સાથે ધમાકેદાર એન્ટ્રી કરી છે. મોડી સાંજે પવન સાથે વરસાદ આવતાં ખેડુતોમાં આનંદ જોવા મળ્યો છે અને ભાદરવામાં સારો વરસાદ પડશે તેવી આશા બંધાઈ છે.

પંચમહાલ જીલ્લામાં આજરોજ બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને મોડી સાંજે કાળા ટીંબાગ વાદળો સાથે ગાજવીજ અને ભારે પવનના સુસવાટા સાથે મેઘરાજા એ એન્ટ્રી કરી હતી. છેલ્લા કેટલાય દિવસ થી મેઘરાજા એ વિરામ લેતા ગરમી અને બફારા થી લોકો પરેશાન થયા હતા. તે



વરસાદ સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. હાલોલ અને કાલોલ પંથકમાં ભારે પવન સાથે મેઘરાજાએ ધમારેદાર એન્ટ્રી કરતાં અનેક સ્થળોએ ઝાડ પડવાના બનાવો સામે આવ્યા છે. આજે મોડી સાંજે ભારે પવન સાથે વરસાદ પડતા ખેતરોમાં ઉભા મકાઈ અને કપાસ જેવા પાકો જમીન ઉપર આડા પડી જતા ખેડુતોમાં નિરાશ થયા હતા. જ્યારે ભાદરવાની શરૂઆતમાં મેઘરાજા એ ધમાકેદાર એન્ટ્રી કરી છે. તે જોતાં અત્યાર સુધી ચોમાસાના વરસાદની ઘટ હતી. તે આગામી દિવસોમાં પુરી થાય તેવી પણ આશા બંધાઈ છે. આજરોજ મોડી સાંજે વિજળીના ચમકાર અને વાદળના ગડગડાટ અને કડાકા થી હૈયુ બેસી જાય તેવી સ્થિતી જોવા મળી હતી. ભારે પવન સાથે વરસાદ વરસતા કાલોલ અને હાલોલ પંથકમાં વિજળી ગુલ થઈ ગયેલ છે. વિજળી ગુલ થઈ જતાં લોકો પરેશાન થઈ રહ્યા છે.

## હાલોલ કંજરી રોડ ઉપર વૈભવી કારમાં આગ લાગતાં ચાલકનો આબાદ બચાવ : કાર બળીને ખાખ



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,
હાલોલ કંજરી રોડ ઉપર આવેલ ધવલ પાર્ક પાસે રાત્રીના સમયે વૈભવી કારમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. કારમાં આગ ફેલાઈ જતાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ફાયર ફાયટરોએ દોડી આવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. કાર ચાલકનો આબાદ બચાવ થયો.

વિસ્તૃત વિગતો પ્રમાણે હાલોલ કંજરી રોડ ઉપર આવેલ ધવલ પાર્ક પાસે રાત્રીના સમયે પસાર થતી ફોક્સ વેગન વીટો કારમાં એકાએક આગ લાગી હતી. કારમાં લાગેલ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં મોટી સંખ્યામાં લોકટોળા એકઠા થયા હતા. કારમાં લાગેલ આગ બાબતે ફાયરને જાણ કરવામાં આવતાં ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. કારમાં આગ લાગતા સમયે સુચકતા વાપરીને ચાલક કાર માંથી બહાર નિકળી જતાં આબાદ બચાવ થયો હતો. આગને કારણે કાર બળીને ખાખ થઈ જવા પામી હતી.

## ગોધરા તાલુકાના નદીસર ગામમાં ખાલી પડેલ બેઠક ૨૨ની ચુંટણી જાહેર થતાં રાજકીય ગરમાવો

નદીસર,
ગોધરા તાલુકા પંચાયતની ખાલી પડેલ બેઠક ૨૨–નદીસર સીટ માટે ચૂંટણી જાહેર થતાં નદીસર પંથકમાં રાજકીય પક્ષો એ ફરી મેદાન મારવા કમરક્સી છે.

ગત સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં ગોધરા તાલુકાની નદીસર બેઠક પરથી ભાજપના ઊર્મિલાબેન કિરીટસિંહ પટેલ ચૂંટાયા હતા, પરંતુ તેવો આંગણવાડી કાર્યકર તરીકે ફરજ બજાવતા હોય બે માંથી એકજ પદ પર રહી શકે તેમ હોય તેમને ચૂંટાયા ના થોડા સમયમાં તાલુકા પંચાયત સભ્યના પદ પરથી રાજીનામુ આપ્યું હતું. જેથી નદીસર તાલુકા પંચાયત સીટ ખાલી પડી હતી. ગઈ કાલે રાજ્ય ચૂંટણી પંચે ગાંધીનગર કોર્પોરેશન સાથે ખાલી પડેલ ન.પા અને જિલ્લા તાલુકા પંચાયતની બેઠકો ની ચુંટણી જાહેર કરતા પંચમહાલ જિલ્લામાં એક માત્ર નદીસર તાલુકા પંચાયત બેઠકની ચૂંટણી આગામી માસની ત્રણ ઓક્ટોમ્બરના રોજ યોજવાની જાહેરાત કરતા નદીસર પંથકમાં રાજકીય માહોલ ગરમાયો છે અને રાજકીય પક્ષના સ્થાનિક અગ્રણીઓમાં ચૂંટણી અંગેના સમીકરણો માટે ચર્ચાઓ તેજ કરી દેવામાં આવી છે.

## ગણેશ મહોત્સવ : ગોધરામાં ગણેશ મંડળો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરાઈ

ગોધરા,
રાજ્ય સરકાર દ્વારા કોવિડ ગાઈડ લાઈનની અમલવારી સાથે ગણેશ મહોત્સવ પર્વની ઉજવણી કરવાની પરવાનગી આપવામાં આવી છે. ત્યારે પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં ગણેશ મંડળોના આયોજકો દ્વારા ગણેશ મહોત્સવની તૈયારીઓ પુરજોશમાં શરૂ કરાઈ છે. સરકાર દ્વારા ગણેશ મહોત્સવના છુટ આપતાં શ્રીજી ભક્તોમાં આનંદ જોવા મળી રહ્યો છે.

કોરોના મહામારીને લઈગત વર્ષ ગણેશ મહોત્સવ પર્વ માટે સરકારની ગાઈડ લાઈનને લઈને ગણેશ સ્થાપના થી લઈને ગણેશ મૂર્તિના વિર્સજન માટે પણ શ્રીજી ભક્તોને પરેશાની વેઠવી પડી હતી. ચાલુ વર્ષ રાજ્ય સરકાર દ્વારા ગણેશ મહોત્સવમાં ચાર ફુટની ગણેશ મૂર્તિ મુક્વાની સુચના સાથે મંજુરી આપવામાં આવી છે. જેને લઈ શ્રીજી ભક્તોમાં આનંદ જોવા મળી રહ્યો છે. પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરના ગણેશ મંડળના આયોજકો દ્વારા આગામી ૧૦ સપ્ટેમ્બર ગણેશ ચતુર્થી થી શરૂ થતાં ગણેશ મહોત્સવની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. શહેરમાં મોટાભાગના ગણેશ મંડળો શ્રીજીની મૂર્તિ ૪ ફુટ સુધી મૂકવાની નક્કી કરેલ છે. ગણેશ મહોત્સવમાં જે પંડાલો બાંધવામાં આવનાર છે. તેવા પંડાલોમાં પણ કોરોના ગાઈડ લાઈનની અમલવારી થાય તેવી રીતે બાંધવામાં આવ્યા છે. શુક્રવાર થી શરૂ થતાં ગણેશ મહોત્સવ પર્વને લઈ જીલ્લા વહીવટી તંત્ર પણ સજ્જ બન્યું છે. ગણેશ મહોત્સવમાં સરકારની કોવિડ ગાઈડ લાઈનનું પાલન થાય તેવા સુચનો ગણેશ મંડળોના આયોજકોને કરવામાં આવ્યા છે. ગોધરા શહેરમાં ગણેશ સ્થાપના માટેની મંજુરી મળી છે પરંતુ અત્યાર સુધી ગણેશ મહોત્સવ અનુલક્ષી યોજાનાર વિર્સજન યાત્રાને લઈ કોઈપણ જાતનો નિર્ણય કરવામાં આવતાં શ્રીજી ભક્તો અને ગણેશ મંડળના આયોજકો મુંઝવણ અનુભવી રહ્યા છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ગણેશ મહોત્સવમાં વિર્સજન યાત્રા તેમજ ડી.જે. માટેની છુટછાટ અંગે નિર્ણય વહેલી તકે કરે તેવું શ્રીજી ભક્તો ઈચ્છી રહ્યા છે.

### વહીવટી તંત્ર વિર્સજન માટે નિર્ણય નહિ લેતાં ગણેશ મંડળો મૂંઝવણમાં

## પર્યુષણ પર્વના પાંચમા દિવસે ગોધરામાં બિરાજમાન પૂ.સા. ભગવંત સુપ્રસન્નાશ્રીજી મ.સા. એ ભગવાન મહાવીર સ્વામીની માતાએ દેખેલા ૧૪ સ્વપ્નોનું વર્ણન

ગોધરા,
જૈન સંપ્રદાયના પવિત્ર એવા પર્વાધિરાજ પર્યુષણનો પ્રારંભ થયો છે. જેનો જૈન સંપ્રદાયના લોકો દ્વારા પ્રભુની ભક્તિ કરીને ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આજરોજ પર્યુષણ મહાપર્વના પાંચમા દિવસે ગોધરા શહેરમાં બિરાજમાન પૂજ્ય સાદવીજી ભગવંત સુપ્રસન્નાશ્રીજી મહારાજ ભગવાન મહાવીર સ્વામીની માતાએ દેખેલાં ૧૪ સ્વપનોનું વર્ણન કર્યું હતું. જેમાં જણાવાયું હતું કે, સિદ્ઘાર્થ રાજા સ્વપ્ન પાઠકોને બોલાવે છે અને ત્રિશલા રાણીએ દેખેલાં ૧૪ સ્વપ્નોનું ફળ પૂછે છે, સ્વપ્નપાઠક જણાવે છે કે રાણી ઉચ્ચ લક્ષણોવાળા પુત્રરત્નને જન્મ આપશે જે ત્રણ ભુવનમાં પ્રકાશ પાથરશે જે પોતે તો આ સંસાર સાગરથી તરશે, પરંતુ અનેક આત્માઓને પણ તારશે, બપોરે પ્રવચન દરમિયાન ૧૪ સૂપનના દર્શન શ્રી સંઘને કરાવવા માટે બોલી બોલવામાં આવી હતી. જેમાં



સર્વસંઘે ઉત્સાહભેર લાભ લીધો હતો. પ્રવચનમાં શ્રી મહાવીર સ્વામી ભગવાનના જન્મનું વાંચન કરવામાં આવ્યું હતું. જેને સંઘ દ્વારા શ્રીફળ વધેરીને વધાવવામાં આવ્યું હતું. શ્રી મહાવીર સ્વામી ભગવાનનું પારણું પોતાની ઘરે પધરાવવાનો લાભ ખુશબુબેન ચિન્ટુકુમાર અનિલભાઈ સંઘવી પરિવારને મળ્યો હતો.

## પંચમહાલ જીલ્લામાં એક જ વર્ગને અનામતનો લાભ મળતો હોવા અંગે કોંગ્રેસ સમિતિ દ્વારા DDOને રજુઆત કરાઈ

ગોધરા,
પંચમહાલ જીલ્લા ગ્રામ પંચાયતોની આગામી સમયમાં યોજાનાર ચુંટણીને લઈ જીલ્લા ચુંટણી અધિકારી દ્વારા રોટેશન મુજબ સરપંચ અને સભ્યોની અનામત બેઠકોને લઈ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામામાં અમુક બેઠકો ખૂબ લાંબા સમય થી એક જ વર્ગની અનામત આવતી હોય તેમજ અન્ય વર્ગને લાભ મળતો ન હોય આવી બેઠકો ઉપર અન્ય વર્ગને ન્યાયિક લાભ મળે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લાની મોટાભાગની ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થવા જઈ રહી છે અને આગામી સમયમાં ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાનાર હોય તેની જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે અને ગ્રામ પંચાયતોની ચુંટણીમાં સરપંચ અને સભ્યોની અનામત બેઠકોને લઈને જીલ્લા ચુંટણી અધિકારી જીલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેર કરવામાં આવેલ રોટેશન જાહેરનામામાં જીલ્લાની કેટલીય ગ્રામ પંચાયતોમાં સરપંચની બેઠકો છેલ્લા બે–ત્રણ ટર્મથી એક વર્ગને અનામતનો લાભ મળતો આપ્યો છે. જેને લઈ અન્ય અનામત વર્ગના ઉમેદવારો લાભ થી વંચિત રહે છે. આ બાબતે પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દ્વારા જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરીને વિવિધ બેઠકો ઉપર રોટેશન પ્રમાણે અનામતનો લાભ મળે તે જરૂરી છે. કોઈ રાજકીય દબાણ અથવા પુરતા અભ્યાસનો અભાવ હોય તેવી જાહેરનામાના પ્રસિદ્ધ થયા બાદ વિગતો સામે આવી છે. ત્યારે જીલ્લામાં અસંતોષ હોય તેવી બેઠકો ઉપર પુનઃ અભ્યાસ કરીને અનામતનો લાભ મળે તેવી કાર્યવાહી કરવા માટે માંગ કરાઈ છે.

## હાલોલ મહોમંદી સ્ટ્રીટ પાસે કોવિડ રસીકરણ કેમ્પ યોજાયો : મોટી સંખ્યામાં લોકોએ રસીકરણ કરાયું



હાલોલ,
હાલોલના પાવાગઢ રોડ ઉપર આવેલ મહોમંદી સ્ટ્રીટ હૈદરી ચોક ખાતે કોવિડ વેકસીન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૨૫૦ ઉપરાંત લોકોએ વેકસીન લીધી હતી.

હાલોલના મહોમંદી સ્ટ્રીટ, હૈદરી ચોક ખાતે સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ અને આરોગ્ય વિભાગના સહયોગ થી કોવિડ વેકસીન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રસીકરણ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. અંદાજીત ૨૫૦ ઉપરાંત લોકો એ વેકસીનેશન કરાવીને સુરક્ષીત બને તે માટે રસીકરણ કરાવી રસીકરણ કેમ્પને સફળ બનાવ્યો હતો.

## કાલોલ કન્યાશાળામાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

કાલોલ,
કાલોલ કન્યાશાળામાં શિક્ષક દિન ઉજવણી નિમિતે ધોરણ ૧થીપના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક બનીને શેરી શિક્ષણ કરવામાં આવ્યું.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

શાળાના ઈતિહાસમાં પ્રથમવાર શિક્ષકદિન ની ઉજવણીમાં બાળકો દ્વારા શેરીશિક્ષણ કરવામાં આવ્યું. સદર ઉજવણીમાં વાલીઓએ ખૂબ સાથ અને સહકાર આપેલ છે. તે બદલ શાળા પરિવાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી નિમિત્તે સ્વચ્છતા વિષય પર રાખવામાં આવેલ ચિત્રસ્પર્ધામાં ધોરણ ૧થી૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોના ઉત્સાહથી શાળાનું વાતાવરણ જીવંત બની ગયુ હતુ.શાળાના શિક્ષકો દ્વારા બાળકોને બિસ્કીટ ના પેકેટો આપી એમનો ઉત્સાહ વધારવામાં આવ્યો.

## વેજલપુર પોલીસે લાડપુરા પાસે મારૂતિવાનમાં કતલના ઈરાદે લઈ જવાતા ગૌવંશ સાથે આરોપીને ઝડપ્યો

વેજલપુર,
કાલોલ તાલુકાના વેજલપુરપોલીસ મથકના સ્ટાફ મહેલોલ વિસ્તારમાં સમન્સ બજાવતા નિકળેલ હતા. દરમ્યાન બાતમીના આધારે મારૂતીવાનને રોકવાનો ઈશારો કરતાં નાશી છુટીયો હતો. પોલીસે પીછો કરી વાનને ઝડપી કત્તલના ઈરાદે લઈ જવાતા વાછરડા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વેજલપુર પોલીસ મથકનો સ્ટાફ મહેલોલ આઉટ પોસ્ટ વિસ્તારમાં સમન્સ બજાવવા માટે નિકળેલ હતા. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, મારૂતીવાન નંબર જીજે.૨૩. એમ.૧૦૭૫માં કત્તલના ઈરાદે ગૌવંશ લઈ જવાનું હોવાની બાતમીના આધારે પોલીસ વાનને ઉભી રાખવા ઈશારો કર્યો હતો. ત્યારે વાન ચાલક લાડપુરા ગામ તરફ ભાગવા લાગ્યો હતો. ત્યા રસ્તો પુરો થઈ જતાં વાન માંથી એક વાછરડા સાથે ઈલ્યાસ ફારૂક પાડવાને (રહે.વેજલપુર)ને ઝડપી પાડયો હતો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.